# પ્રકરણ : ૪ ચારગતિરૂપ સંસાર



## પ્રકરણની રૂપરેખા

| | |
|---|---|
| ✲ પ્રાસ્તાવિક | • નરકગતિની સાબિતિ |
| • ગતિ એટલે શું ? | ✲ નરકગતિની અંચલિકા. |
| **૧. તિર્યંચગતિ** | **૩. દેવગતિ.** |
| • તિર્યંચગતિ એટલે શું ? | • દેવગતિ એટલે શું ? |
| • તિર્યક્લોક એટલે શું ? | • દેવોની દિવ્યતા |
| • તિર્યંચગતિનાં જીવોનું અવસ્થાન. | • દેવોના જન્મનું વર્ણન. |
| | • દેવોના પ્રકાર. |
| • તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન. | • દેવગતિના દુઃખોનું વર્ણન. |
| | ✲ દેવગતિની અંચલિકા. |
| ✲ તિર્યંચગતિની અંચલિકા. | **૪. મનુષ્યગતિ.** |
| **૨. નરકગતિ.** | • મનુષ્યલોકનું વર્ણન. |
| • નરક ગતિ એટલે શું ? | • જંબુદ્વીપનું વર્ણન. |
| • નરકગતિમાં ઉપજવાનાં કારણો. | • મનુષ્યગતિના દુઃખોનું વર્ણન. |
| • નરકભૂમિનું વર્ણન. | ✲ મનુષ્યગતિની અંચલિકા |
| • નરકગતિના દુઃખોનું વર્ણન. | ✲ ઉપસંહાર. |

(અનુષ્ટુપ)

चतुर्गतिमहावर्ते, दुःखवाडव दीपिते ।
भ्रमन्ति भविनोऽजस्रं, वराका जन्मसागरे ॥

**ભાવાર્થઃ** ચારગતિરૂપ મહાન ભમરાવાળા અને દુઃખરૂપી '*વડવાગ્નિથી* બળતા આ સંસારરૂપી સમુદ્રમાં સંસારનાં અજ્ઞાની દીન પ્રાણીઓ નિરંતર ભમ્યા કરે છે. (શુભચંદ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવ સર્ગ ૨: સંસાર ભાવના શ્લોક-૧)

અહીં સમુદ્રનાં દૃષ્ટાંતના આધારે ચારગતિરૂપ સંસારનું સ્વરૂપ સમજાવ્યું છે.

**દૃષ્ટાંત :** સમુદ્રમાં વમળ કે ભમરા હોય છે. સમુદ્રના ભમરાનું પાણી તેના કેન્દ્ર આજુબાજુ કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Revolution) કરી ગોળગોળ ફર્યા કરે છે. સમુદ્રના આ ભમરામાં 'વડવાગ્નિ હોય છે, જે સમુદ્રના પાણીને દઝાડે છે. જેના કારણે સમુદ્રનું પાણી ઉકળે છે.


**સિદ્ધાંત :** સંસારરૂપી સમુદ્રમાં વમળ કે ભમરારૂપ ચારગતિ હોય છે. સંસાર સમુદ્રના ભમરારૂપ ચારગતિના પ્રાણીઓ તેના કર્મોદયરૂપી કેન્દ્રની આજુબાજુ કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Revolution) કરી ગોળ ગોળ ફર્યા કરે છે. સંસાર સમુદ્રના આ ચારગતિરૂપ વમળમાં વડવાગ્નિરૂપ આધિ-વ્યાધિ-ઉપાધિ હોય છે જે સંસારી જીવોને બાળે છે. જેના કારણે સંસારી જીવો દુઃખી છે.

ચારગતિ એ સંસારનું સ્વરૂપ છે. સંસાર એક ગોળ ગોળ ફરતા ચક્ર સમાન છે. આ સંસારચક્ર તેના કેન્દ્રથી આજુબાજુ ચારગતિરૂપે પરિક્રમણ કરે છે. જેમ ગ્રહ-રાશિ-નક્ષત્ર-તારાઓ મેરૂપર્વતની ફરતે કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Rovolution) કરે છે તેમ સંસારી પ્રાણીઓ તિર્યંચ-નરક-દેવ-મનુષ્યની ચારગતિરૂપે પૌદ્‌ગલિક કર્મોદયરૂપી મેરૂપર્વતની ફરતે કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Rovolution) કરે છે. કર્મોદયરૂપી કેન્દ્રની આજુબાજુ એટલે કે કર્મોદયને વશ સંસારની ચારગતિમાં પરિક્રમણ કરતો સંસારી પ્રાણી અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. સંસારની ચારેય ગતિ દુઃખરૂપ છે.

## ગતિ એટલે શું ?

**ગતિ નામકર્મના ઉદયને કારણે જુદા જુદા પ્રકારના શરીરમાં રહી એક શરીરમાંથી બીજા શરીરમાં ભ્રમણ કરવાની સંસારી જીવની અવસ્થા વિશેષને ગતિ કહે છે.**


ગતિ એ ગમનવાળી જીવની અવસ્થા છે. આ ગમન સ્થળાંતર નહિ, પણ ભવાંતરની અપેક્ષાએ છે. ગતિપ્રાપ્ત સંસારી જીવ સંસારની ચારગતિમાં ભ્રમણ કરે છે. જન્મ-મરણરૂપે ભ્રમણ કરતો જીવ સાથે સાથે ચારગતિમાં પણ ભ્રમણ કરે છે. સંસારની ચારગતિનું ભ્રમણ ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત થતા દેહ અને દેહ સાથેની એકત્વબુદ્ધિના કારણે હોય છે. જેને દેહ સાથે એકત્વબુદ્ધિ નથી તેવા જ્ઞાની ધર્માત્માને સંસારના ભ્રમણનો



અંત હોય છે. ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત થતા સંસારી જીવના દેહને તિર્યંચ-નરક-દેવ-મનુષ્ય એ ચાર પ્રકારમાં વહેંચી શકાય છે. આ ચાર પ્રકારના દેહમાં સંસારી જીવ ભ્રમણ કરે છે જેને ચારગતિનું ભ્રમણ કહે છે. તિર્યંચ-નરક-દેવ-મનુષ્ય એ ચારેય ગતિ સંસારીજીવને દુઃખ ભોગવવાનું સ્થાન છે. એવું નથી કે તિર્યંચ અને નરકગતિ દુઃખ ભોગવવાનું સ્થાન છે તથા દેવ અને મનુષ્યગતિ સુખ ભોગવવાનું સ્થાન છે. પણ ચારેય પ્રકારની ગતિમાં કોઈપણ પ્રકારના અપવાદ વગર દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. સંસારની ચારગતિથી 'વિલક્ષણ એવી પાંચમી ગતિ એ મોક્ષગતિ છે. આ મોક્ષગતિ જ જીવના સાચા સુખનું સ્થાન છે.

**પ્રશ્ન : મોક્ષમાં તો જીવનાં ભ્રમણનો અભાવ છે. તો પછી તેને ગતિ કઈ રીતે કહેવાય ?**

**ઉત્તર :** મોક્ષમાં સંસારની ચાર ગતિનો અંત છે તેથી તે સંસારની ચાર પ્રકારની ગતિ જેવી નથી. તોપણ તે ગતિ તો છે જ.



સામાન્ય રીતે ગતિ એ ગતિનામકર્મના ઉદયના કારણે થતી જીવની અવસ્થા છે. આ અવસ્થા અશુદ્ધ હોય અને તે એક પ્રકારની ગતિમાંથી બીજા પ્રકારની ગતિમાં ભ્રમણ કરનારી હોય તો તે સંસારની ગતિ છે, જે ચાર પ્રકારની છે. પરંતુ આ અવસ્થા શુદ્ધ હોય અને તે એક પ્રકારની ગતિમાંથી બીજા પ્રકારની ગતિમાં ભ્રમણ કરનારી ન હોય તો તે મોક્ષગતિ છે. જેમાં સંસારના ભ્રમણનો અભાવ છે અને તેથી તે એક જ પ્રકારની છે. સંસારદશામાંથી મોક્ષદશાની પ્રાપ્તિ સંસારનો અભાવ કરનારી 'ઊર્ધ્વગતિ દ્વારા થાય છે. મોક્ષદશા એ ગતિપૂર્વકની સ્થિતિ હોવાથી તેને પણ ગતિ કહે છે.

સંસારની ચાર પ્રકારની ગતિમાં ગતિનામકર્મના ઉદયનો સદ્ભાવ છે અને મોક્ષની ગતિમાં ગતિનામકર્મના ઉદયનો અભાવ છે. આ રીતે મોક્ષમાં ગતિનામકર્મના ઉદયના અભાવની અપેક્ષા હોવાથી તે રીતે પણ તેને ગતિ કહે છે.

સંસારની ચારગતિ અસ્થાયી અને દુઃખદાયક છે પણ મોક્ષગતિ સ્થાયી અને સુખદાયક છે. તેથી મોક્ષગતિને સંસારની ચારગતિથી વિલક્ષણ એવી પંચમગતિ કહે છે.

સંસારની ચારગતિના નામ આ પ્રમાણે છે–

**૧. તિર્યંચગતિ ૨. નરકગતિ ૩. દેવગતિ અને ૪. મનુષ્ય ગતિ.**

## ૧. તિર્યંચગતિ

આર્યા

तिरोञ्चन्ति कुटिलभावं, सुविवृतसंज्ञा, निकृष्टम्, अज्ञानाः।
अत्यन्त पाप बहुलाः, तस्मात् तैरश्चका भणिताः।।

**ભાવાર્થ: ૧. જે તિરોભાવ એટલે કે કુટિલતાને પ્રાપ્ત છે, ૨. જેમની આહારાદિ સંજ્ઞા સારી રીતે પ્રગટ છે, ૩. જે અત્યંત નીચ છે, ૪. જે અજ્ઞાની છે, ૫. જે અત્યંત પાપની બહુલતા ધરાવે છે તેમને તિર્યંચ કહે છે.** (ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૪૮)

જેનામાં તિરોભાવ એટલે કે કુટિલતા એટલે કે માયાચારની પ્રધાનતા છે તેને તિર્યંચ કહે છે માયાપ્રધાન પરિણામોના સંચિત કર્મના ઉદયથી તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે. અને તિર્યંચોને આહાર-ભય-પરિગ્રહ-મૈથુન જેવી 'સંજ્ઞા પ્રગટ છે, એટલે કે બીજા મનુષ્યો દ્વારા તે સારી રીતે જાણી શકાય છે. તેમનો પ્રભાવ, કાંતિ, લેશ્યા, વિશુદ્ધિ વગેરે અત્યંત હીન હોવાથી તેઓ અત્યંત નીચ એટલે કે નિકૃષ્ટ છે. તેઓને પૂર્વના સંસ્કાર સિવાય શ્રુતનો અભ્યાસ અને હેય-ઉપાદેયનો વિવેક સંભવતો ન હોવાથી તેઓ સામાન્ય રીતે અજ્ઞાની બન્યા રહે છે. તેઓમાં સંયમ કે સદાચરણ હોતું નથી, તેથી તેઓ અત્યંત પાપની બહુલતાવાળા છે. આવા સંસારી જીવોને તિર્યંચ ગતિના જીવો કહે છે.

### તિર્યંચગતિ એટલે શું ?

**તિર્યંચ ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને તિર્યંચ ગતિ કહે છે.**

तिरः अचन्ति कौटिल्य इति तिर्यञ्चः।


**અર્થ : એટલે કે જે કુટિલતાને પ્રાપ્ત હોય છે. તેને તિર્યંચ કહે છે.** (ધવલ : ૧૩/૫,૫,૧૪૦/૩૯૨/૨)

કુટિલતા એટલે કે માયાચાર ધરાવનાર જીવો તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. માયાચાર એટલે કે આડોડાઈના ફળમાં તેમના શરીર પણ ઘણું કરીને આડા હોય છે. અને તેથી તિર્યંચગતિના જીવો તિરોભાવને એટલે કે બોજા ઉપાડવાને યોગ્ય

નીચાપણાને પ્રાપ્ત હોય છે. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધાં પ્રાણીઓ અને સંજ્ઞી પંચેન્દ્રિય પશુઓ તિર્યંચગતિના કહેવાય છે. મનુષ્ય, દેવ અને નારકી સિવાયના બધાં પ્રાણીઓ તિર્યંચગતિના છે. તિર્યંચગતિના એકેન્દ્રિય પ્રાણીઓ સમગ્ર લોકમાં છે. પણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ માત્ર તિર્યંક્લોકમાં જ હોય છે.

## તિર્યંક્લોક એટલે શું ?

**લોકાકાશની મધ્યમાં આવેલ એક રાજૂ લાંબા એક રાજૂ પહોળા અને મેરૂપર્વત જેટલા ઊંચા મધ્યલોકને તિર્યંક્ લોક કહે છે.**




આ મધ્યલોકની બરાબર વચમાં વર્તુળાકાર જંબૂદ્વીપ, તેને ફરતો લવણ સમુદ્ર અને તેને ફરતા બમણાં બમણાં વિસ્તારવાળા અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલા છે. સૌથી છેલ્લો સ્વયંભૂરમણ દ્વીપ અને તેને ફરતો સ્વયંભૂરમણ સમુદ્ર આવેલો છે. આ બધા દ્વીપ-સમુદ્ર લોકાકાશના મધ્યમાં આડછેદનાં ભાગમાં તિરછા એટલે કે ત્રાંસા ગોઠવાયેલ હોઇ તેને તિર્યંક્લોક કહે છે. આ તિર્યંક્લોકમાં તિર્યંચગતિના સમસ્ત જીવો રહે છે. જો કે એકેન્દ્રિય જીવો સમસ્ત લોકમાં વ્યાપ્ત હોવાથી તિર્યંક્લોકની બહાર પણ હોય છે.

## તિર્યંચગતિના જીવોનું અવસ્થાન

**તિર્યંચગતિના વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓ માત્ર તિર્યંક્લોકમાં જ હોય છે અને તિર્યંક્લોકની બહાર હોતા નથી.**

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સમગ્ર તિર્યંક્લોકમાં હોય છે. પણ તેમાં વચ્ચેના અઢીદ્વીપ એટલે કે જંબૂદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કર દ્વીપના અડધા ભાગ સુધીના મનુષ્યલોકના વિસ્તારમાં તેમ જ છેલ્લા સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર અને તેની પહેલાં આવેલા અને તેની સાથે જોડાયેલ સ્વયંભૂરમણ દ્વીપના અડધા ભાગ સુધીના વિસ્તારમાંના તિર્યંચોમાં કર્મભૂમિની વ્યવસ્થા પણ હોય છે. બાકીના દ્વીપોમાં રહેલા તિર્યંચોમાં કાયમ માટે ભોગભૂમિની વ્યવસ્થા છે. ભોગભૂમિમાં ઉત્પન્ન થતા તિર્યંચો મોટા આયુષ્યવાળા અને 'જુગલિયા' હોય છે. ભોગભૂમિમાં વિકલત્રય (એટલે કે બે, ત્રણ કે ચાર ઇન્દ્રિયવાળા) જીવો ઉત્પન્ન થતા નથી.

જળચર તિર્યંચો કર્મભૂમિના સંબંધવાળા પ્રથમ લવણ સમુદ્ર અને બીજા કાલોદધિ સમુદ્ર તેમ જ અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રમાં હોય છે. બાકીના ભોગભૂમિના સંબંધવાળા અસંખ્ય સમુદ્રો મધ્યલોકમાં છે. પણ તેમાં કોઇ જળચર તિર્યંચો ઉત્પન્ન થતા નથી. સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે રેતીની જગ્યાએ રત્નો હોય છે. અને તેમાં ઉત્પન્ન થતાં મહામત્સ્યો એક હજાર યોજન સુધીના લાંબા હોય છે. એક હજાર યોજન એટલે લગભગ દશ હજાર કિલોમીટર સુધીના લાંબા મગરમચ્છો ત્યાં થાય છે.

## તિર્યંચગતિના દુઃખોનું વર્ણન

તિર્યંચગતિમાં માયાચારની મુખ્યતા છે. માયાચારની બહુલતાના કારણે તિર્યંચગતિમાં જન્મતા જીવો સ્વભાવથી જ માયાચારી હોય છે. તેઓ માયા વડે છળપ્રપંચ કરે છે. માયાના કારણે લોભ કરે છે અને લોભના કારણે ક્રોધ-માન ધરાવે છે. આથી તેઓ પરસ્પર લડે છે. એકબીજાને દુઃખ આપે છે અને ભક્ષણ પણ કરે છે. તેઓમાં મિથ્યાત્વભાવ વડે અતત્ત્વ શ્રદ્ધાન હોય છે અને તેથી તેઓ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદના કાર્યોમાં પણ પ્રવર્તે છે. આમ માયા ઉપરાંત સઘળાં પ્રકારના કષાયો વડે તેઓ હંમેશા દુઃખી રહે છે.


તિર્યંચગતિના જીવોને ઘણું કરીને પાપકર્મનો ઉદય જ જોવા મળે છે. ઘાતિકર્મની બધી પ્રકૃતિઓ એ પાપકર્મની જ પ્રકૃતિ છે અને તેમનો તીવ્ર ઉદય તિર્યંચ ગતિના જીવોને છે. અઘાતિકર્મોમાં પણ નામકર્મમાં તેમને તિર્યંચ ગતિનામકર્મની પાપકર્મની પ્રકૃતિનો અને ગોત્રકર્મમાં નીચ ગોત્રકર્મની પાપ પ્રકૃતિનો ઉદય હોય છે. તેના કારણે તેઓ હીન અને નીચ બની રહે છે. આયુષ્યકર્મમાં પણ તેમને અશુભ અને અલ્પ આયુષ્યનો ઉદય હોય છે. મોટા ભાગના તિર્યંચો ખૂબ

જ અલ્પ આયુષ્યના ધારક હોય છે અને તેને કારણે તેઓ વારંવાર જન્મ-મરણના દુઃખ પામે છે. અઘાતિકર્મની વેદનીય કર્મની પ્રકૃતિમાં પણ તેમને મુખ્યત્વે અશાતાવેદનીયની પાપકર્મની પ્રકૃતિનો ઉદય જોવા મળે છે અને તેના કારણે તેઓ ઘણાં દુઃખી હોય છે. ભોગભૂમિના તિર્યંચોને મોટું આયુષ્ય અને શાતા વેદનીયનો ઉદય હોય છે. પણ આવા જીવો થોડા છે. આ પ્રમાણે પાપકર્મના ફળમાં તિર્યંચગતિના જીવો મહા દુઃખી જાણવા.

તિર્યંચો તેમના રહેઠાણની અપેક્ષાએ ત્રણ પ્રકારના હોય છે. ૧. જમીન પર રહેતા **સ્થળચર** ૨. પાણીમાં રહેતા **જળચર** અને ૩. આકાશમાં ઉડી શકતા **નભચર**. આ ત્રણેય પ્રકારના તિર્યંચો નિરંતર દુઃખી છે. તે આ રીતે –

## ૧. સ્થળચર તિર્યંચોના દુઃખો


સિંહ, વાઘ, ગાય, બળદ, ઘોડા, ગધેડા, કૂતરા, દેડકા, સર્પ વગેરે સ્થળચર તિર્યંચો છે.



સ્થળચર તિર્યંચો ક્ષુધા-તૃષા, ટાઢ-તાપ, રોગ-પીડા બહુભારવહન-અંગભંગ, છેદન-ભેદનાદિ અવસ્થાઓ વડે નિરંતર દુઃખી હોય છે. તે આ રીતે –

આ બધા પશુઓ ખોરાકની શોધમાં ચારે બાજુ ભટકે છે તોપણ તેમની તીવ્ર ક્ષુધા-તૃષાને તેઓ સંતોષી શકતા નથી. દુષ્કાળ અને અછતના સમયમાં અનેક પશુઓ ભૂખ્યા-તરસ્યા ભાંભરતા અને મોતને ભેટતા પણ જોવા મળે છે. શિયાળાની કાતિલ ઠંડીમા અને ઉનાળાની કાળઝાળ ગરમીમાં આ પશુઓ ત્રાહિમામ પોકારી જાય છે. જેમ મનુષ્યને રોગ-પીડા હોય છે તેમ તિર્યંચોને પણ ખરવા-મોવા, આફરો, શીતળા, ગળસૂંઢો જેવા અનેક પ્રકારના રોગ અને તેની પીડા હોય છે. આ પશુઓના રોગનો કોઇ ભાગ્યે જ ઉપચાર થાય છે. મનુષ્યો પોતાના પ્રયોજન માટે આ પ્રાણીઓને પકડે છે, પાળે છે અને બાંધે છે. માણસો પોતાની કુતૂહલવૃત્તિને પોષવા માટે જંગલમાં વસતા હિંસક પ્રાણીઓને પ્રાણીસંગ્રહાલયની બંધન અવસ્થામાં રાખી પાંજરામાં પૂરી રાખે છે. કેટલાંક પરપીડનવૃત્તિ ધરાવતા મનુષ્યો આખલા, ઊંટ, કૂકડા જેવા પ્રાણીઓને અંદરોઅંદર તેમજ સર્પ અને નોળીયા જેવા પ્રાણીઓને એકબીજા સાથે લડાવી મજા માણે છે. સ્પેનમાં ચાલતી આખલાની લડાઇ (Bull fight) જેવી રમતમાં છેવટે આખલો મરાઇ જાય છે અને ક્રૂર પરિણામી ખેલાડીઓ અને પ્રેક્ષકો તેમાં આનંદ અનુભવે છે. મનુષ્યો પોતાને ઉપયોગમાં આવી શકતા પશુઓના અંગમાં ભંગ કરી તેના નાકમાંથી દોરડાની રાશ અથવા લગામ પસાર કરે, તેના મોઢામાં ચોકઠું બાંધે, આંખ પર ડાબલાં લગાવે, પગમાં ખરી ઠોકે ઇત્યાદિ અનેક પ્રકારે ક્રિયાઓ કરી તેની પાસે હળ, ગાડી, ગાડું જેવા સાધનો વડે મોટા મોટા ભારવહન કરાવે છે. અસહ્ય ત્રાસ અને ભારવહનને કારણે જ્યારે આ પશુઓનું શરીર નિચોવાઇ જાય ત્યારે તેમને કતલખાને ધકેલી દેવામાં આવે છે. આ જ પ્રમાણે દુધાળા ઢોર પણ દુધ આપતા બંધ થઇ જાય, વસુકી જાય કે ઘરડા થઇ જાય ત્યારે તેઓને પણ કતલખાને મોકલી દેવામાં આવે છે. ભણતરના નામે દેડકા અને વાંદરા જેવા પ્રાણીઓને રીબાવી રીબાવીને મારી નાંખવામાં આવે છે. હાથીદાંત માટે હાથીનો અને નખ માટે સિંહ-વાઘનો શિકાર કરવામાં આવે છે. કોટ અને ટોપીમાં વપરાતું ફરનું ચામડું મેળવવા માટે ગર્ભવતી માતાને મારી તેના બચ્ચાનું ચામડું મેળવવામાં આવે છે. માંસાહારી મનુષ્યો અત્યંત નિર્દયતાપૂર્વક ભૂંડના બચ્ચાને ચારે પગે બાંધીને જીવતે જીવતું ભઠ્ઠીમાં શેકી નાખી ખાઇ જાય છે. માંસાહારી લોકોના ભક્ષણ માટે હજારો પશુઓની રોજે રોજ કતલ થાય છે. આપણા ભારત જેવા શાકાહારી અને આર્યદેશમાં પણ એકીસાથે અનેક પશુઓની સામુહિક કતલ કરનારા યાંત્રિક કારખાનાઓ આવેલાં છે. તો પછી બીજા માંસાહારી અને અનાર્યદેશની તો વાત જ શું કરવી ? આ રીતે સ્થળચર તિર્યંચો મહાદુઃખી જાણવા.


## ૨. જળચર તિર્યંચોના દુઃખો



કાચબો, મગર, દેડકો, માછલી, કરચલો, અષ્ટપગો, શીલ, વ્હેલ વગેરે જળચર તિર્યંચો છે.

જળચર તિર્યંચોના દુઃખો પણ સ્થળચર જીવો જેવા જ છે. આ જીવો પણ ખોરાકની શોધમાં હંમેશાં ભટકતા જોવામાં આવે છે.

તેમાં જે મોટા પ્રાણીઓ છે તે નાના પ્રાણીઓને ગળી જાય છે. નાના પ્રાણીઓ પોતાથી પણ વધુ નાના હોય તેવા પ્રાણીઓને આરોગી જાય છે. કોડ નામની માછલીના કાળજાનું તેલ (Cod Lever Oil) કાઢી તેનો દવા તરીકે ઉપયોગ કરવામાં આવે છે. શીલ નામની માછલીની ચરબી કાઢી તેનો સાબુ અને ઘી જેવી બનાવટમાં ઉપયોગ કરાય છે. માછીમારો મોટી જાળ ફેલાવી માછલીઓને પકડી તેનો આહાર કરી જાય છે. આપણા શાકાહારી કહેવાતા ભારત દેશમાં પણ માંસાહારી લોકો વધતાં જાય છે. માંસાહારની માંગ વધવાને કારણે માછીમારીને એક ઉદ્યોગ ગણવામાં આવ્યો છે. આવા મત્સ્યોદ્યોગના વિકાસ અને પ્રોત્સાહન માટે સરકાર એક અલગ મંત્રાલય અને તેના મંત્રી ધરાવે છે. અહિંસાના સિદ્ધાંતમાં માનનારા ભારત દેશમાં પણ માછીમારી જેવા હિંસાના કૃત્યને એક ઉદ્યોગ ગણી તેના વિકાસ માટે આયોજન કરવામાં આવે તે તો આ કળિકાળનો જ પ્રભાવ જાણવો. જો આવું જ ચાલ્યું તો ભવિષ્યમાં કદાચ દારૂ, જુગાર અને વેશ્યાવૃત્તિ જેવી પાપ પ્રવૃત્તિનો પણ ઉદ્યોગ તરીકે વિકાસ કરવામાં આવે તો ના કહેવાય નહિ. જળચર જીવો સતત ભયના ઓથાર હેઠળ અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાનું જીવન ગુજારતા હોવાથી તેઓ મહાદુઃખી માનવા.



### ૩. નભચર તિર્યંચોના દુઃખો

ચકલી, કાગડો, પોપટ, કોયલ, ચામાચિડીયું વગેરે પક્ષીઓ ખેચર કે નભચર તિર્યંચ છે.



નભચર તિર્યંચોના દુઃખો પણ સ્થળચર અને જળચર જેવા જાણવાં. ખોરાકની શોધમાં ચારેબાજુ ઉડતા આ પક્ષીઓ પોતાના પૂરતું પોષણ મેળવી શકતાં નથી. શિયાળાની કાતિલ ઠંડીથી ઠુંઠવાઇ જઇ કેટલાંય પક્ષીઓ મરી જાય છે. ગરમી અને વરસાદથી પણ તેઓ ભારે ત્રાસ પામે છે. મનુષ્યો પોતાનાં કુતૂહલને પોષવા આ પક્ષીઓને પકડીને પાંજરે પૂરે છે. શિકારી મનુષ્યો જાળ બિછાવી આ પક્ષીઓને પકડે છે અને તેમને ખાઇ જાય છે. કેટલાંક લોકો નિશાનબાજી શીખવા ઉડતા પક્ષીઓને વીંધી નાખે છે. મોર જેવા પક્ષીઓનો તેના પીંછા માટે પણ શિકાર કરવામાં આવે છે. ઉત્સવોની ઉજવણીના નામે ફોડવામાં આવતાં ફટાકડાઓના મોટા અવાજના ભયથી આ પક્ષીઓ ફફડી ઉઠે છે. ઈંડાના મોટા પાયે ઉત્પાદન માટે મરઘા ઉછેર કેન્દ્ર (Poltry Farm) ચલાવવામાં આવે છે. જેમાં ભયાનક રીબામણીથી ત્રાસ પામતાં મરઘાઓ કારમો કકળાટ કરી મૂકે છે, માંસાહારી મનુષ્યો ઈંડાનો આહાર કરી તેમાં વિકાસ પામતા બચ્ચાનાં જન્મ પહેલાં જ તેને મારી નાંખે છે આ રીતે અનેક આપત્તિઓથી પીડાતા નભચર તિર્યંચો પણ મહાદુઃખી જાણવા.

### આહારમાં ઈંડુ તેની આત્મોન્નતિમાં મીંડુ

કેટલાંક લોકો ઈંડા શાકાહારી છે એવો પક્ષ લઇને ઈંડા આરોગવામાં પાપ માનતા નથી. પણ ઈંડા એ સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીનું માંસ હોવાથી માંસાહાર જ છે. અને તેથી મહાપાપનું કારણ છે. ઈંડા ક્યારેય ઝાડ ઉપર ઉગતા નથી. અથવા વનસ્પતિ તેલ કે ઘીની જેમ કારખાનામાં બનતા નથી. પરંતુ ઈંડા મરઘીના પેટમાં જ ઉત્પન્ન થાય છે અને તેથી તે માંસાહાર છે, શાકાહાર નથી. સંયોગ વગરનું ઈંડુ એ પણ મરઘીનો માદા અંડકોષ છે અને તેમાં વિકસતો ગર્ભ પોતાની દેહધાર્મિક ક્રિયાઓ કરે છે. તેથી તે સજીવ પ્રાણી છે એમ વર્તમાન લૌકિક વિજ્ઞાન પણ સ્વીકારે છે. વિજ્ઞાન એમ પણ કહે છે કે ઈંડાના કોચલામાં જે ગર્ભ વિકાસ પામે છે તેમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલે છે અને તેના ઈંડા એ નવજાત વિકસતાં પક્ષીના બચ્ચાનો ગર્ભ છે અને તેથી તે માંસાહાર છે. આમ શાકાહારી ઈંડા આ દુનિયામાં ક્યાંય હોતા નથી.

ખાવાની લોલુપતા અને પરિણામોની ક્રૂરતાના કારણે જ જીવ ઈંડાના ઉપયોગ તરફ વળે છે. શરીરના આરોગ્યની દષ્ટિએ પણ ઈંડાનો ઉપયોગ શંકાસ્પદ છે. શરીરના આરોગ્ય માટે ઈંડુ ગમે તે હોય પણ તે આત્માના આરોગ્ય માટે એટલે કે ભાવઆરોગ્ય માટે તો હાનિકારક જ છે. ઈંડા જેવા અભક્ષ્ય પદાર્થનો ઉપભોગ કરનારો પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકતો નથી. તેથી આહારમાં ઈંડુ લેનારો પોતાની આત્મોન્નતિમાં મીંડુ મૂકાવનારો છે.

## તિર્યંચગતિની અંચલિકા

ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત થતાં સંસારી જીવના દેહ ૧. તિર્યંચ, ૨. નરક, ૩. દેવ અને ૪. મનુષ્ય એમ ચાર પ્રકારે હોય છે. જેને સંસારની ચારગતિ કહે છે. મિથ્યાત્વ કર્મ જેમાં મુખ્ય છે તેવા કર્મોદયને વશ અજ્ઞાની મિથ્યાદષ્ટિ જીવ એક દેહમાંથી બીજા દેહમાં દેહાંતર પામતો રહે છે જેને સંસારની ચારગતિનું પરિભ્રમણ કહે છે. સંસારની ચારગતિમાંથી તિર્યંચગતિમાં સંસારી જીવ સૌથી વધુ સમય રહે છે. બીજી બધી ગતિ કરતાં તિર્યંચગતિના ભવો અનંતગણા વધુ હોય છે અને તિર્યંચગતિના જીવોની સંખ્યા પણ બીજી બધી ગતિના જીવો કરતાં અનંતગણી વધુ હોય છે. બીજી બધી ગતિ કરતા તિર્યંચગતિમાં પાપનો ઉદય અને પ્રતિકૂળ સંયોગો વધુ છે અને તેથી તિર્યંચગતિનું દુઃખ પણ વધુ છે. તિર્યંચગતિ સહિત ચારેગતિના પરિભ્રમણના કેન્દ્ર સ્થાને મિથ્યાત્વ કર્મનો ઉદય છે. મિથ્યાત્વ સહિતના કર્મના ઉદયને વશ થઈને સંસારી જીવ ચારગતિમાં પરિભ્રમણ કરતો અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. આ બધા દુઃખોનું મૂળ કારણ જીવનું મિથ્યાદર્શન છે. જો જીવ મિથ્યાદર્શનને ટાળી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે તો તેને તિર્યંચગતિના કે બીજી કોઈ સંસારની ગતિના દુઃખ ભોગવવા ન પડે. માટે સમ્યગ્દર્શનાદિ ભાવોની આરાધના જ આ દુઃખો ટાળવાનો એક માત્ર ઉપાય છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં –

(હરિગીત)

રે ! ખનન-ઉત્તાપન-પ્રજ્વલન-વીજન-છેદ-નિરોધનાં
ચિરકાળ પામ્યો દુઃખ ભાવવિહીન તું તિર્યંચમાં.

**ભાવાર્થઃ** હે જીવ ! તેં સમ્યગ્દર્શનાદિ ભાવ રહિતપણું હોવાને કારણે તિર્યંચગતિમાં પૃથ્વીકાયમાં કોદાળી આદિથી ખોદાવવાનું ખનનનું દુઃખ, જળકાયમાં તપાવવા આદિથી થતું ઉત્તાપનનું દુઃખ, અગ્નિકાયમાં સળગવા આદિથી થતું પ્રજ્વલનનું દુઃખ, વાયુકાયમાં જોરથી ચાલવા આદિથી થતું વીજનનું દુઃખ, વનસ્પતિકાયમાં તોડવું, કાપવું આદિથી થતું છેદનનું દુઃખ, વિકલત્રયમાં બીજાથી અટકાવવું આદિથી થતું નિરોધનું દુઃખ, પંચેન્દ્રિયમાં વેદના, ક્ષુધા, તૃષા, વધ, બંધન આદિથી થતું દુઃખ– આ પ્રકારે અનંત દુઃખ અનંતકાળથી પામતો આવ્યો છે. (તેથી આ દુઃખ દૂર કરવા માટે સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવની આરાધના કર) (ભાવપાહુડ : ગાથા ૧૦)

## ૨. નરકગતિ

न रमन्ते यतो नित्यं, द्रव्ये क्षेत्रे च काले भावे च ।
अन्योन्यैश्च यस्मात्, तस्मात्ते नारता भणिता ॥

**ભાવાર્થઃ** જે ગતિના જીવો તત્સ્થાનવર્તી દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં અને ભાવમાં ક્યારેય રતિ પામી શકતા નથી અને પરસ્પર પ્રીતિ ધરાવતા નથી તેને નરકગતિના જીવો કહે છે. (ગોમ્મટસારઃ જીવકાંડ : ગાથા ૧૪૭)

જે ગતિના જીવો અન્નપાનાદિ દ્રવ્યમાં, નરકભૂમિના ક્ષેત્રમાં, નરકગતિના જન્મથી મૃત્યુ સુધીના કાળમાં, અને પોતાના ચૈતન્ય પરિણતિના ભાવમાં ક્યારેય રતિ એટલે કે સુખ પામી શકતા નથી, તેમજ પૂર્વના વૈરભાવ અને પોતાના ક્રોધાદિ કષાયના કારણે જેઓ પરસ્પર બિલકુલ પ્રીતિ ધરાવતા નથી તે નરકગતિના જીવો છે.

અનેક પ્રકારના પાપોના ફળ સ્વરૂપ નરકગતિ મળે છે. નરકગતિના નારકીઓ હંમેશાં દુઃખરૂપી દાવાનળમાં બળ્યા કરે છે. ત્યાં આંખના પલકારા જેટલું પણ સુખ હોતું નથી. નિંદનીય શરીર અને અશુભભાવનાવાળા સંસારી જીવોને નરકગતિના નારકી કહેવાય છે.

### નરકગતિ એટલે શું ?

**નરક ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને નરક ગતિ કહે છે.**

नरान प्राणिनः कायति पातयति खली करोति इति नरकः ॥१॥ तेषां गतिः नारक गतिः

**અર્થ :** જે નર એટલે કે પ્રાણીઓને कायति એટલે કે તેને નીચો પાડે છે, પીડા પહોંચાડે છે, તેને નરક ગતિ કહે છે. (ધવલ : ૧/૧,૧,૨૪/૨૦૧/૬)

અહીં નર નો અર્થ પ્રાણી છે અને क તેનો નઠારો કે અયોગ્ય અર્થસૂચક પ્રત્યય છે. તેથી પ્રાણીઓની નઠારી કે અયોગ્ય અવસ્થાની સૂચક ગતિ તે નરક ગતિ છે. પ્રચુર પાપબંધના કારણભૂત પીડાકારી કાર્યને પણ નરક કહે છે. આવા કાર્યના પરિણામે જેની ઉત્પત્તિ થાય છે તેવા સંસારી જીવની સ્થિતિને નારકી કહે છે. આ નારકીના સંસારના સ્થાનને નરકગતિ કહે છે. નરકગતિ એ જીવના પાપકર્મના ઉદયના ફળને ભોગવવાનું સ્થાન છે.

## નરક ગતિમાં ઉપજવાના કારણો



ઘણો આરંભ અને પરિગ્રહ હોય તેવા જીવો મુખ્યત્વે નરક ગતિમાં ઉપજે છે. હિંસાદિ પાપ પ્રવૃત્તિને આરંભ કહે છે અને શરીર મન, વાણી, રાગ-દ્રેષના વિકારીભાવ, કુટુંબ, પરિવાર, ધન, સંપત્તિ જેવા પરપદાર્થમાં મમત્વના પરિણામને પરિગ્રહ કહે છે. આ ઉપરાંત જે જીવો તીવ્ર ક્રોધાદિ કષાયોથી યુક્ત છે, પાંચ ઈન્દ્રિયોના વિષયોના લોલુપી છે, સાત પ્રકારના વ્યસનોમાં આસક્ત છે, અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરે છે, કુશીલ અને દુરાચારી છે, નિર્દય અને ક્રૂર પરિણામી છે, રૌદ્રધ્યાનપૂર્વક કૃષ્ણલેશ્યામાં મરણ પામે છે, તેવા જીવો નરકગતિમાં ઉપજે છે. આત્મા અનંત જ્ઞાન અને આનંદ સ્વભાવી છે. તે સ્વભાવની વિરાધના કરીને જે પ્રમાણે ઊંધાઇ કરી હોય તે પ્રમાણે તેના ફળમાં જે તે નરકભૂમિમાં ઊંધા માથે ઉપજે છે અને અનંત દુઃખ ભોગવે છે. નરકગતિમાં ઉપજવાના સ્થાનને નરકભૂમિ કહે છે.

## નરકભૂમિનું વર્ણન


અનંતાનંત આકાશની મધ્યમાં આપણો લોક રહેલો છે. તે લોકના અધોભાગમાં સુમેરુપર્વતને આધારભૂત રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિ આવેલી છે. તે ૧. રત્નપ્રભા પૃથ્વીની નીચે ક્રમપૂર્વક ૨. શર્કરાપ્રભા ૩. વાલુકાપ્રભા ૪. પંકપ્રભા ૫. ધૂમપ્રભા ૬. તમપ્રભા અને ૭. મહાતમપ્રભા નામની નરકભૂમિઓ આવેલી છે. આ સાતે નરકોના નામો તેઓનાં નામ પ્રમાણે ગુણવાળા છે. અર્થાત્ પ્રથમ નરક મુખ્યત્વે રત્નમયી છે, બીજી કાંકરાવાળી, ત્રીજી રેતીવાળી, ચોથી પંક એટલે કાદવવાળી, પાંચમી ધૂમાડાવાળી, છઠ્ઠી અંધકારવાળી અને સાતમી ગાઢ અંધકારવાળી છે. આ સાત નરકભૂમિ તેના રૂઢિગત નામોથી અનુક્રમે આ પ્રમાણે પણ ઓળખાય છે. ૧. ધમ્મા ૨. વંશા ૩. મેઘા ૪. અંજના ૫. અરિષ્ટા ૬. મઘવી અને ૭. માધવી.

પ્રથમ નરકભૂમિમાં ૧૩ આડછેદ છે તે દરેકને પટલ કહે છે. બીજી નરકભૂમિમાં આવા ૧૧ પટલ, ત્રીજીમાં ૯ પટલ તેમ ક્રમપૂર્વક બબ્બે ઘટતાં જતાં ચોથીમાં ૭, પાંચમીમાં ૫, છઠ્ઠીમાં ૩ અને સાતમીમાં ૧ પટલ હોય છે. બધાં મળીને કુલ ૪૯ પટલ છે.

દરેક પટલમાં નારકીઓના રહેવાના નિવાસ છે. તેને બિલ કહે છે. આ બિલ જમીનમાં ખાડા કરેલ ઢોલની પોલ સમાન હોય છે. પ્રથમ નરકભુમિમાં આવા કુલ ૩૦ લાખ, બીજીમાં ૨૫ લાખ, ત્રીજીમાં ૧૫ લાખ, ચોથીમાં ૧૦ લાખ, પાંચમીમાં ૩ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫ અને સાતમીમાં માત્ર ૫ બિલ હોય છે. બધા મળીને કુલ ૮૪ લાખ બિલ છે. પહેલાથી પાંચમી પૃથ્વીના પોણા ભાગ સુધીના ૮૨૨૫૦૦૦ બિલ અત્યંત ઉષ્ણ છે અને બાકીના ૧૭૫૦૦૦ બિલ અત્યંત શીત છે.

## નરકગતિનાં દુઃખોનું વર્ણન

નરકગતિના નારકીઓના ભયાનક દુઃખનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહેવામાં આવે તોપણ ન થઇ શકે. તેમના દુઃખો મુખ્યત્વે ચાર પ્રકારમાં વહેંચી શકાય—



૧. ક્ષેત્રજન્ય દુઃખ
૨. શારીરિક દુઃખ
૩. માનસિક દુઃખ
૪. અસુરકુમાર દેવકૃત દુઃખ

### ૧. ક્ષેત્રજન્ય દુઃખ

નરકની ભૂમિ તપેલા લોઢાના ગોળા સમાન દુઃખદ સ્પર્શવાળી અને સોયની અણીથી પણ તીક્ષ્ણ કંટકોના સમૂહથી ભરેલી છે. જેના સ્પર્શ માત્રથી હજારો વીંછીઓના એક સાથે ડંખ માર્યા હોય તેવી વેદના થાય છે. વળી તે સડેલા માંસ, મડદા અને વિષ્ટાની દુર્ગંધથી



પણ વધુ દુર્ગંધવાળી છે. પ્રથમ નરકની માટીનો એક કણિયો પણ આપણા ભરત ક્ષેત્રમાં લાવીએ તો તેની દુર્ગંધથી એક કોસ (૩.૨ કિલોમીટર) સુધીના પ્રાણીઓનું મરણ થઈ જાય અને સાતમી નરકની માટીના એક કણિયાથી ૨૫ કોસ (૮૦ કિલોમીટર) સુધીના પ્રાણીઓનું મરણ થઈ જાય. નરકની આ ભૂમિ ભયાનક અંધકારથી વ્યાપ્ત રહે છે અને તેથી નારકીના જીવો હંમેશાં ભયભીત રહ્યા કરે છે.



પ્રથમ ચાર નરક અને પાંચમી નરકના ઉપરના ત્રણ ચતુર્થાંશ ભાગમાં એટલી બધી ઉષ્ણતા હોય છે કે તે ભાગમાં આવેલા નરકના બિલમાં મેરુપર્વત જેટલો લોઢાનો ઠંડો ગોળો નાખવામાં આવે તો તે નીચે પહોંચ્યા પહેલાં જ મીણની જેમ પીગળી જાય છે અને પાંચમી નરકના નીચેના એક ચતુર્થાંશ ભાગથી માંડીને સાતમી નરક સુધી એટલી બધી ઠંડી હોય છે કે તે ભાગમાં આવેલા નરકના બિલમાં મેરુપર્વત જેટલો લોઢાનો ઉષ્ણ ગોળો નાખવામાં આવે તો તે નીચે પહોંચ્યા પહેલાં જ મીઠાની ગાંગડીની જેમ વિખરાઇ જાય છે. આવી તીવ્ર ઉષ્ણતા કે શીતળતાનું દુઃખ નારકીના જીવો નિરંતર ભોગવે છે. ઉષ્ણતાના કારણે તેમને એટલી બધી તીવ્ર તરસ હોય છે કે અનેક સમુદ્રોનું પાણી એક સાથે પી જાય તોપણ તેમની તરસ છીપે નહિ. તેમ છતાં તેમને સમગ્ર જીવનમાં પાણીનું એક ટીપું પણ મળતું નથી. શીતળતાના કારણે તેમને એટલી બધી તીવ્ર ભૂખ હોય છે કે ડુંગરોના ડુંગરો જેટલું અનાજ એક સાથે ખાઈ જાય તોપણ તેમની ભૂખ મટે નહિ. તેમ છતાં તેમને ખાવા માટે અનાજનો એક કણ પણ મળતો નથી.

### ૨. શારીરિક દુઃખ

નારકીઓનું શરીર વૈક્રિયિક હોવા છતાં તેના શરીરના વૈક્રિયિક પુદ્‌ગલો મળ, મૂત્ર, કફ, વમન, સડેલ માંસ, હાડ અને ચામડાવાળા ઔદારિક શરીર કરતાં પણ વધુ અશુભ હોય છે. તેમના શરીરનું સંસ્થાન (આકાર) હુંડક પ્રકારનું છે. એટલે કે તેમના શરીરનાં અંગ ઉપાંગ કોઇ ખાસ પ્રકારના આકારના હોતા નથી અને બેડોળ હોય છે. નારકીઓને હંમેશાં નીચ ગોત્રનો જ ઉદય વર્તે છે. તેથી તેમની મહત્તા ક્યારેય થતી નથી. તે કારણે તેઓ મહાદુઃખી છે.

નારકીઓને અશાતાવેદનીય પાપનો ઉદય કાયમ બન્યો રહે છે. તેથી તેમનું શરીર અનેક પ્રકારના રોગોથી વ્યાપ્ત રહે છે. તેમને એકી સાથે ૫૬૮૯૯૫૮૪ રોગો ઉદયમાં બન્યા રહે છે. તેથી નારકીઓના ઉદર, આંખ, મસ્તક વગેરે બધાં અવયવો કરોડો રોગોથી જર્જરિત રહે છે. તેમને તીવ્ર ભૂખ-તરસ હોય છે. પણ ત્યાંની દુર્ગંધ યુક્ત માટી જ તેમનું ભોજન છે. જે તેમની ભૂખની પીડા વધારનારી છે. ત્યાંની વૈતરણી નદીનું જળ શરીરમાં અત્યંત દાહ કરનારું અને તરસ વધારનારૂં છે.

નારકીઓનું આયુષ્ય પહેલી નરકમાં ઓછામાં ઓછું દશ હજાર વર્ષ અને સાતમી નરકમાં વધુમાં વધુ તેત્રીસ સાગર (૧.૩૬ × ૧૦[illegible]વર્ષ)નું હોય છે. આટલો બધો કાળ સુધી તેઓ અનેક પ્રકારના દુઃખો સહન કરે છે. તીવ્ર વેદના હોય તોપણ જ્યાં સુધી આયુષ્યનો ઉદય છે ત્યાં સુધી શરીર છૂટતું નથી. કેમ કે નારકીઓનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે અને તેથી તેમનું અકાળ મૃત્યુ થતું નથી. વૈક્રિયિક શરીર હોવાને કારણે શરીરના ખંડ ખંડ જેવા ટુકડા થઇ જાય તોપણ તે પારાની માફક પાછા મળી જાય છે. આ પ્રકારની શારીરિક અવસ્થાઓને કારણે નરકગતિ અત્યંત દુઃખરૂપ જાણવી.

### ૩. માનસિક દુઃખ

શારીરિક દુઃખ કરતાં પણ માનસિક દુઃખ મોટું માનવામાં આવ્યું છે. શારીરિક પીડાથી વ્યાકુળ નારકીઓને તે મટાડવાની ચિંતા પણ એક માનસિક દુઃખ છે. આ ઉપરાંત સંકલેશ, શોક, આકુળતા, પશ્ચાતાપ વગેરેના નિમિત્તથી ઉત્પન્ન થતા દુઃખને માનસિક દુઃખ કહે છે.


નારકીના જીવને ક્રોધાદિ કષાયોની તીવ્રતા જ તેમનાં માનસિક દુઃખોનું મુખ્ય કારણ છે. આ કષાયોની અતિતીવ્રતાને કારણે તેમને કૃષ્ણ, નીલ, કાપોત જેવી અશુભ લેશ્યાઓ જ હોય છે અને તેથી તેમના પરિણામ અત્યંત સંક્લેશ હોય છે. ક્રોધના કારણે તેઓમાં એકબીજાને દુઃખ આપવાની પ્રવૃત્તિ નિરંતર રહે છે. બીજાને દુઃખ આપવાથી પોતાનું કાંઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી. પરંતુ નારકીના જીવને



ક્રોધ કષાયની મુખ્યતા હોવાથી તેનામાં બીજાને દુઃખી કરવાની વૃત્તિ ટળતી નથી. માનના કારણે નારકીનો જીવ પોતાની મહત્તા ઇચ્છે છે પણ તેનું કોઇ સાધન ત્યાં હોતું નથી. નારકીના જીવને માયા-લોભની તીવ્રતા પણ છે. પણ કોઇ ઇષ્ટ સામગ્રી ત્યાં દેખાતી નથી અને તેથી તે કષાયનું કાર્ય બહાર પ્રગટ કરી શકતા નથી. તોપણ અંતરંગમાં એ વડે તેઓ દુઃખી જ હોય છે.

તેઓમાં હાસ્ય અને રતિ કષાય પણ છે. તોપણ બાહ્ય નિમિત્ત નહિ હોવાથી તે પ્રગટ થતા નથી. અરતિ, ભય, શોક અને જુગુપ્સાના બાહ્ય કારણો ત્યાં સદાય હોય છે. તેથી એ કષાયો ત્યાં તીવ્રપણે પ્રગટ હોય છે. સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ પ્રકારના વેદોમાં તેઓમાં માત્ર એક નપુંસક વેદ જ હોય છે. તેથી તેઓને સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાની તીવ્ર ઇચ્છા હોય છે. પણ ત્યાં એ પ્રકારનું સાધન ન હોવાથી તેઓ મહાદુઃખી છે. આ રીતે માનસિક દશાઓ વડે પણ નરકગતિમાં અત્યંત દુઃખ જાણવું.

### ૪. અસુરકુમારદેવકૃત દુઃખ



ભવનવાસી દેવલોકના સિકતાનન, અસિપત્ર, મહાબલ, રુદ્ર, અંબરિષ વગેરે અસુરકુમાર જાતિના દેવો ક્રૂર પરિણામી અને કુતૂહલપ્રિય હોય છે. તેઓ ત્રીજી નરક સુધી જઇ ત્યાંના અત્યંત દુઃખી નારકીઓને પોતાના અવધિજ્ઞાનથી તેઓના પૂર્વભવના વૈર બતાવી પરસ્પર લડાવી મારી પોતે આનંદ માને છે. જેમ કેટલાક પરપીડન વૃત્તિવાળા દુષ્ટ સ્વભાવી મનુષ્યો કૂકડા, કૂતરા, આખલા વગેરેને લડાવીને તેને જોઇને પોતે મજા માણે છે, તેમ આ દેવો પણ નારકીઓને પરસ્પર લડાવીને તેને જોઇને પોતે મજા માણે છે. અસુરકુમારદેવકૃત દુઃખને કારણે પણ નરકગતિ અત્યંત દુઃખમય જાણવી.

## નરકગતિની સાબિતિ

**પ્રશ્ન** : નરકગતિની વાત જીવને પાપના ફળનો કાલ્પનિક ભય બતાવી ધર્માભિમુખ કરાવવા માટે છે. નરક ગતિ ક્યાંય દેખાતી નથી. તેથી વાસ્તવમાં નરકગતિ જેવું કાંઇ છે નહીં ?

**ઉત્તર** : સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામીને જે મનુષ્ય કે તિર્યંચ મહાભયંકર ભૂંડા દુષ્કૃત્યો કરે છે. પાપ કાર્યો કરતી વખતે પાછું વાળીને જોતો નથી. પોતાની કહેવાતી સગવડ સાચવવા માટે વચ્ચે આવનાર અસંખ્ય જીવોને હણી નાંખે છે, તેવા પરિણામનું ફળ નરકગતિ છે.

આવો જીવ પોતાની અગવડ ટાળવા માટે એકને મારતો હોય કે અનેકને મારતો હોય તોપણ તેના અભિપ્રાયમાં કેટલાં જીવોને મારી નાખવા તે સંખ્યાની હદ નથી તથા કેટલો કાળ સુધી મારવા તે કાળની હદ નથી. તેથી તેના પરિણામનું ફળ પણ હદ વગરનું જ હોય અને તે નરકગતિ છે.

જે જીવ અહીં મખમલની સવામણની તળાઇમાં સૂતો હોય અને થોડો સમય પછી નરકમાં ઉપજી હજારો વીંછીના ડંખ કરતાંય તીવ્ર દુઃખ ભોગવતો હોય અને એના શરીરના કટકે કટકા થઇ જતા હોય તો તે પાપનું ફળ છે. નરકના દુઃખોનું વર્ણન એ કોઇ કાલ્પનિક ભય બતાવવા માટે નથી પણ તે એક વાસ્તવિક નક્કર હકિકત છે. આ દુઃખોનું વર્ણન કરી એ દુઃખોના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને છોડાવવાનું પ્રયોજન છે.

નરકગતિ આપણા વર્તમાન મતિ-શ્રુતજ્ઞાનનો વિષય નથી અને તેથી તે પ્રત્યક્ષ પ્રમાણથી સમજી શકાય નહિ. પણ તેમ છતાં તે તર્ક, અનુમાન, યુક્તિ, જેવા પરોક્ષ પ્રમાણથી સમજી શકાય છે. જગતમાં મોક્ષગતિ પણ દેખાતી નથી પણ જેમ સંસારની ગતિ છે તો તેનાથી વિરુદ્ધ મોક્ષગતિ પણ છે. જગતમાં પુણ્યકર્મનું ફળ ભોગવવાનું સ્થાન દેવગતિ છે તો પાપકર્મનું ફળ ભોગવવાનું સ્થાન નરકગતિ છે. આ નરકગતિ શાશ્વત અને વાસ્તવિક છે.

**પ્રશ્ન** : નરકગતિ શાશ્વત અને વાસ્તવિક હોય તોપણ તે અહીંયા જ છે. વિષ્ટામાં ઉત્પન્ન થતા કીડા જ નરકગતિના નારકી છે?

**ઉત્તર** : નરકગતિ જેવા દુઃખ ભોગવવાનું સ્થાન મનુષ્યલોકમાં હોઇ શકે નહિ. કોઇ માણસ એક ખૂન કરે તો તેને એકવાર ફાંસી મળે. અનેક માણસોના ખૂન કરનારને અનેકવાર ફાંસી મળે તેવું અહીં બનતું નથી. તેથી તેના ક્રૂર ભાવ પ્રમાણેનું પૂરું ફળ

ભોગવવાનું કોઇ અન્ય ક્ષેત્ર હોવું જોઇએ. જે નીચે અધોભૂમિમાં છે અને તે નરકગતિ છે. વિષ્ટામાં ઉત્પન્ન થતા કીડા એ બે ઈન્દ્રિયના અલ્પ આયુષ્ય ધરાવનારા જીવ છે અને તેથી તે વિકલેન્દ્રિય ત્રસ જીવ છે. જ્યારે નરકગતિના નારકીઓ સંજ્ઞી પંચેન્દ્રિય છે, વૈક્રિયિક શરીરવાળા છે અને ખૂબ જ લાંબુ આયુષ્ય ધરાવનારા છે. તેથી તે કીડા એ નરકગતિના નારકી નથી.



## નરકગતિની અંચલિકા

નરક ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને નરકગતિ કહે છે. નરકગતિના નારકીઓને રહેવા માટે અધોલોકમાં સાત પૃથ્વીઓ છે તેને સાત નરક કહે છે. આ સાતે નરકના નારકીઓ ઉત્તરોત્તર વધુ ને વધુ દુ:ખી હોય છે. જો કે સંસારની નરક-તિર્યંચ-દેવ-મનુષ્યરૂપ ચારેય ગતિ દુ:ખ ભોગવવાનું જ સ્થાન છે. તોપણ નરકગતિ પાપકર્મના ફળમાં પ્રાપ્ત થતી હોવાથી તેનું દુ:ખ ભયંકર છે. નરકગતિના દુ:ખોને અનેક જીભ વડે અનેક ભવ સુધી કહેવામાં આવે તોપણ કહી શકાતું નથી તેવું અવર્ણનીય અને અકલ્પનીય દુ:ખ નરકગતિમાં છે.

સંસારની ચારે ગતિઓના પરિભ્રમણના કેન્દ્રસ્થાને મિથ્યાત્વ છે. તેથી જીવના સઘળાં દુ:ખોનું મૂળ કારણ પણ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ મટાડવાનો સુઅવસર વર્તમાન મનુષ્યજીવનમાં છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે શુદ્ધાત્મસ્વરૂપની ભાવનાનો અભ્યાસ વારંવાર કરવાથી મિથ્યાત્વ ટળે છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તેથી નરકગતિ અને તેના દુ:ખોના કારણભૂત સંસારનો અભાવ થાય છે અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં –

(હરિગીત)

ભીષણ સુતીવ્ર અસહ્ય દુ:ખો સપ્ત નરકાવાસમાં
બહુ દીર્ઘ કાળપ્રમાણ તેં વેદ્યાં, અછિન્નપણે સહ્યાં.

ભીષણ નરક તિર્યંચ તેમ કુદેવ-માનવજન્મમાં
તેં જીવ! તીવ્ર દુ:ખો સહ્યાં;તું ભાવ રે ! જિનભાવના.

ભાવાર્થ: નરકની સાત ભૂમિઓના બિલોમાં, ભયાનક દારૂણ અને અસહ્ય દુ:ખો તેં બહુ દીર્ઘ કાળ સુધી નિરંતર સહ્યાં અને ભોગવ્યા છે. તેં આ ચારગતિના સંસારભ્રમણમાં ભયાનક નરકગતિ ઉપરાંત કુદેવ, કુમાનવ અને તિર્યંચગતિના તીવ્ર દુ:ખો પણ સહન કર્યા છે. એટલે હવે જો તારે આ દુ:ખોથી મુક્ત થવું હોય તો હે જીવ ! તું જિનેન્દ્ર દેવના શરણમાં શુદ્ધાત્માની ભાવન ભાવ. (ભાવપાહુડ : ગાથા ૯ અને ૮)

## ૩. દેવગતિ

कीडंति जदोणिच्चंगुणेहिंअटठेहिं दिव्वभावेहिं ।
भासंत दिव्वकाया तम्हा ते भणिया देवा ।।

(આર્યા)

ભાવાર્થ: જે આઠ પ્રકારના દિવ્યગુણોથી નિત્ય ક્રીડા કરતા રહે છે અને જેનું પ્રકાશમાન દિવ્ય શરીર છે તેને દેવ કહેવામાં આવે છે.

(પંચસંગ્રહ : પ્રાકૃત : અધ્યાય ૧ ગાથા ૬૩)

અણિમાદિ આઠ પ્રકારના દિવ્યગુણો અને સાત ધાતુઓથી રહિત મનોહર વૈક્રિયિક શરીરથી જે શોભાયમાન છે તેને દેવ કહે છે. દિવ્ય ગુણો અને દિવ્ય શરીરથી શોભાયમાન સંસારી જીવો દેવગતિના કહેવાય છે.

### દેવગતિ એટલે શું ?

**દેવ ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને દેવ ગતિ કહે છે.**

अणिमादि गुणैः दीव्यन्ति क्रीडन्तीति देवाः ।


**અર્થ :** જે અણિમાદિ ગુણો દ્વારા दिव्यन्ति એટલે કે ક્રીડા કરે છે તે દેવ છે.


(ધવલ : ૧૩/૫,૫,૧૪૧/૩૯૨/૧)

અણિમાદિ આઠ પ્રકારની વિક્રિયાઋદ્ધિના કારણે દ્વીપ, સમુદ્ર, ભોગભૂમિ, નંદીશ્વર વગેરે રમણીય સ્થાનોમાં दिव्यन्ति એટલે કે ક્રીડા કરે છે, ભ્રમણ કરે છે તે દેવ છે. દિવ્ય ગુણોના કારણે દિવ્યતા ધરાવનારી દેવગતિ છે. દેવગતિના દેવો અનેક પ્રકારની દિવ્યતા ધરાવે છે. અનેક પ્રકારની દિવ્યતા એટલે અનેક પ્રકારની અદ્ભુતતા, શોભા, સુંદરતા, શક્તિઓ, ઋદ્ધિઓ અને અતિશયતા છે.

## દેવોની દિવ્યતા

પુણ્યોદયની પ્રધાનતાના કારણે દેવ ગતિના દેવો અનેક પ્રકારની દિવ્યતાઓ ધરાવે છે. દેવોની દિવ્યતા તેમના દિવ્ય શરીર અને દિવ્ય ગુણોને આભારી છે.દેવોના વૈક્રિયિક શરીરમાં હાડ, માંસ, ચામડી, ચરબી, નસ, રુધિર, મળ, મૂત્ર, કેશ કે રોમ હોતા નથી. તેમના પવિત્ર શરીરમાં નિગોદના જીવોનો સંબંધ હોતો નથી. એટલે કે તેમના શરીરના આશ્રયે અન્ય કોઇ જીવ હોતો નથી. તેથી તેઓ પ્રત્યેક શરીરવાળા છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનાં વિષયમાં અતિશયને પ્રાપ્ત આ દેવોનાં શરીરમાં કર્મના પ્રભાવથી થતા રોગોની ઉપસ્થિતિ હોતી નથી. આ દેવોનું શરીર ઉત્તમ સમચતુરસ્ર [1]સંસ્થાનવાળું હોય છે. આ દેવોને દિવ્ય અમૃતમય અનુપમ અને તૃષ્ટિ-પૃષ્ટિકારક માનસિક આહાર હોય છે. તેમને [2]કવલાહાર તેમજ [3]નિહાર હોતા નથી. સુગંધથી વ્યાપ્ત અને મણિરત્નોથી રચાયેલ મનોહર મહેલોમાં રહેનારા આ દેવોના શયન અને આસન એકદમ કોમળ વિચિત્રરૂપથી રચિત તેમજ શરીર અને મનને આનંદ આપનારા છે. આ દેવો ૧. અણિમા, ૨. મહિમા, ૩. લઘિમા, ૪. પ્રાપ્તિ, ૫. પ્રાકામ્ય, ૬. ઈશિત્વ, ૭. વશિત્વ અને ૮. કામરૂપિત્વ જેવી આઠ પ્રકારની મહાઋદ્ધિઓથી સંયુક્ત છે. આ દેવો વિવિધ પ્રકારના રતિના પ્રકટીકરણમાં ચતુર દિવ્યરૂપોથી યુક્ત અને અનેક પ્રકારની વિક્રિયા તેમજ ઘણા પ્રકારની વિલાસ સંપત્તિઓથી સહિત છે. આ દેવો સ્વભાવથી જ પ્રસન્ન રહેવાવાળી અપ્સરાઓની સાથે પોતપોતાની વિભૂતિને યોગ્ય અને સંકલ્પ માત્રથી પ્રાપ્ત થવાવાળા ઉત્તમ ભોગને ભોગવે છે. તેમજ ઉત્તમ [4]પટહ આદિ વાજીંત્ર અને ઉત્કૃષ્ટ સુંદર નૃત્યનો ઉપભોગ કરે છે. આ દેવોનો જન્મ પણ તેની દિવ્યતાને દર્શાવનારો છે.





## દેવોના જન્મનું વર્ણન

દેવોના જન્મ સ્થળની ઉપપાદ શાળામાં અતિકોમળ અને ઉત્તમ ઉપપાદ શૈયા આવેલી હોય છે. જ્યાં દેવના જીવનો ઉપપાદ જન્મ થાય છે. દેવ ગતિનામકર્મના ઉદયથી ઉપપાદ શૈયામાં ઉત્પન્ન થયેલો દેવનો જીવ અંતમુહૂર્તમાં છયે પર્યાપ્તિ પૂરી કરીને સોળ વર્ષના યુવાન સમાન શરીર પ્રાપ્ત કરી લ્યે છે. દેવનું શરીર સાત ધાતુઓથી રહિત હોય તેવું વૈક્રિયિક પ્રકારનું હોય છે. દેવોને રોગ અને વૃદ્ધાવસ્થા હોતી નથી. આ દેવોનું શરીર અતિ નિર્મળ, અનુપમ કાંતિવાળું, મહાસુગંધી, સુંદર રૂપવાળું અને ઉત્તમ આકારનું હોય છે.

નવજાત દેવોનો જન્મ થતાં જ ઉપપાદ શાળાના બંધ કમાડ ખુલી જાય છે અને આનંદભેરી વાગવા માંડે છે. આ ભેરીના શબ્દો સાંભળીને બીજા પરિવારના દેવ-દેવીઓ હર્ષથી જય જયકાર કરતા નવજાત દેવનું સ્વાગત કરવા આવી પહોંચે છે. પોતાના સ્વાગતનું અદ્ભુત દૃશ્ય જોઇને આશ્ચર્યચકિત બનેલો નવજાત દેવ કાંઇક વિચારવા પ્રયત્ન કરે છે ત્યાંજ તેને અવધિજ્ઞાનરૂપી નેત્ર પ્રગટ થાય છે. અવધિજ્ઞાનથી પૂર્વના પુણ્યનો વિચાર કરતાં તે સમજે છે કે મેં સમ્યક્ત્વ સહિત અથવા સમ્યક્ત્વ રહિત ધર્મને ધારણ કરીને તેના પુણ્યના ફળમાં આ દેવગતિ પ્રાપ્ત કરેલ છે. તેથી આવા પુણ્યના નિમિત્તરૂપ જિનપ્રતિમાના દર્શન કરવા તે મારૂં પ્રથમ કર્તવ્ય છે. તેથી તે ઉપપાદ શાળાની નજીક આવેલ શાશ્વત જિનપ્રતિમાના દર્શન કરવા માટે આગળ વધે છે. અનેક પ્રકારના મંગલ વાદ્યો અને વાજિંત્રો વગાડતા બીજા દેવો તેને ભારે ધામધૂમથી શાશ્વત જિનાલયના શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન માટે લઇ જાય છે. દેવગતિમાં ઉત્પન્ન થયેલો કોઇ પણ સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવ સૌ પ્રથમ કાર્ય આ શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજનનું કરે છે. દરેક દેવલોકમાં શાશ્વત જિનમંદિર અને જિનપ્રતિમા હોય છે અને દરેક પ્રકારના દેવો તેને પોતાના કુળદેવતા માને છે. તેથી દરેક પ્રકારના દેવનું સૌ પ્રથમ કર્તવ્ય આ જિનપ્રતિમાના દર્શન-પૂજનનું હોય છે.

## દેવોના પ્રકાર

દેવગતિના દેવો ચાર પ્રકારના છે- ૧. ભવનવાસી ૨. વ્યંતર ૩. જ્યોતિષી અને ૪. વૈમાનિક. આ ચાર પ્રકારના દેવોના બે સામાન્ય ભેદ ૧. કલ્પોપપન્ન અને ૨. કલ્પાતીત છે.

**૧. કલ્પોપપન્ન**

ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવમાં સોળમા સ્વર્ગ સુધીના વૈમાનિક દેવમાં દશ પ્રકારના ભેદની કલ્પના હોય છે. તેથી તેને કલ્પોપપન્ન દેવ કહેવાય છે. કલ્પોપન્ન દેવના દશ પ્રકાર આ પ્રમાણે છે. ૧. ઈન્દ્ર, ૨. સામાનિક, ૩. ત્રાયસ્રિંશ, ૪. પરિષદ, ૫. આત્મરક્ષક, ૬. લોકપાળ, ૭. અનીક, ૮. પ્રકીર્ણ, ૯. આભિયોગ્ય અને ૧૦. કિલ્વિષિક.

**૨. કલ્પાતીત**




વૈમાનિક દેવના સોળમા સ્વર્ગ ઉપરના દેવોમાં ઉપરોક્ત દશ પ્રકારના ભેદની કલ્પના સંભવતી નથી. તેથી તેમને કલ્પાતીત કહે છે. સોળ સ્વર્ગ ઉપરના નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનના વૈમાનિક દેવો આવા કલ્પાતીત પ્રકારના છે. આ બધા દેવો એક સરખા વૈભવના ધારક અને સમાન કોટિના હોય છે. તેઓની એક સરખી સમૃદ્ધિ અને કક્ષા ઈન્દ્ર જેવી છે, તેથી તેમને અહમિન્દ્ર પણ કહે છે.

પુણ્યોદયની પ્રધાનતાવાળા દેવો પણ દુઃખી છે. સંસારની ચારે ગતિ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. સંસારમાં ક્યાંય સુખ નથી. તેથી દેવ ગતિના ચારેય પ્રકારો પણ દુઃખોથી ભરપૂર છે

## દેવગતિના દુઃખોનું વર્ણન

દેવગતિમાં જ્ઞાનાદિકની શક્તિ બીજી ગતિથી કાંઇક વધુ છે. પુણ્યોદયની પ્રધાનતા છે. તેથી ભોગોપભોગની સામગ્રી અને તેને ભોગવવાની શક્તિ છે. તોપણ મોહ અને મિથ્યાત્વને કારણે આ દેવોને વિષય-કષાયજન્ય પ્રવૃત્તિ હોય છે તે તેમના દુઃખને જ દર્શાવે છે.



દેવગતિના દેવોમાં પાંચ ઈન્દ્રિયના વિષયની પ્રવૃત્તિ જોવા મળે છે. આ દેવો સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ જેવી પાંચેય ઈન્દ્રિયના સુંદર વિષયોને સંપ્રાપ્ત હોવા છતાં જરાય તૃપ્તિ પામતા નથી. તેથી આ દેવો દ્વીપ "કુલાચલ, ભોગભૂમિ અને નંદનવન જેવા ઉત્તમ સ્થળોમાં નિરંતર ભ્રમણ કરતાં રહે છે. નીચલી કક્ષાના દેવમાં કામવાસનાની એવી આસક્તિ હોય છે કે દેવોમાં વીર્યસ્ખલનનો સંબંધ નહિ હોવા છતા મનુષ્યની માફક શરીરથી કામસેવન કરે છે. આ બધું આ દેવોના દુઃખને જ દેખાડે છે.

આ દેવોમાં કષાયજન્ય પ્રવૃત્તિ પણ છે. નીચલી કક્ષાના દેવોમાં મુખ્યપણે કૃષ્ણ, નીલ અને કાપોત જેવી અશુભ લેશ્યાઓ જ હોય છે અને ગૌણપણે જઘન્ય પ્રકારની પીત લેશ્યા હોય છે. તેથી આવા નીચલી કક્ષાના દેવોનો કષાય જરાય મંદ હોતો નથી. જો કે ઉપલી કક્ષાના દેવોનો તે ઉત્તરોત્તર મંદ હોય છે તોપણ તેનો અભાવ હોતો નથી. આ કષાય પોતે જ દુઃખરૂપ છે. વળી દેવોનો ઉપયોગ ઘણો ચંચળ છે અને તેનામાં કષાય અનુસાર કાર્ય કરવાની કાંઇક શક્તિ છે. તેથી તેઓ કષાયના કાર્યોમાં પ્રવર્તે છે જે પણ તેમના માટે દુઃખરૂપ છે. તે આ રીતે–


આ દેવોને ક્રોધને કારણે અન્યનું બુરું કરવાની ઇચ્છા અને તે માટેની પ્રવૃત્તિ રહે છે. માનને કારણે બીજાને હીન અને પોતાને મહંત દેખાડવાની ભાવના હોય છે અને તે માટે તેઓ પ્રયત્ન કરે છે. માયાના કારણો અને તેના કાર્યો છે. જેના કારણે ઉંચા દેવોની વિભૂતિ જોઇને આ દેવો માત્સર્યથી કે સ્વભાવથી જ બળતા રહે છે. નીચલી કક્ષાના ઇન્દ્રો પણ ઉપલી કક્ષાના ઇન્દ્રોની ઈર્ષ્યા કરતા રહે છે. દેવોમાં ચારેય પ્રકારના કષાયો પૈકી લોભ કષાયની મુખ્યતા છે. આથી તેઓને પ્રાપ્ત વિષય સામગ્રીની રક્ષા કરવાની અને તેને વધારવાની નિરંતર ચિંતા રહ્યા કરે છે.

આ દેવોને નોકષાય પૈકી અરતિ, ભય, શોક અને જુગુપ્સાનાં કારણો થોડા હોવાથી તેના કાર્યોની ગૌણતા છે. રતિ કષાયના કારણો ઘણાં છે અને તેથી ઇષ્ટ વસ્તુઓમાં અતિ આસક્તતા પ્રવર્તે છે. આ દેવોમાં હાસ્ય કષાયના પણ ઘણાં કારણો હોવાથી તેના કાર્યોની પણ મુખ્યતા રહે છે. અસુરકુમાર જાતિના દેવો ત્રીજી નરક સુધી જઇ ત્યાંના નારકીઓને અવધિજ્ઞાનથી તેમનાં પૂર્વભવના વૈરનું સ્મરણ કરાવી ક્રૂરતા અને કુતૂહલતાથી એકબીજાને લડાવી મારી પોતે હર્ષ મનાવે છે. વેદકષાયમાં દેવોને

નપુંસકવેદનો ઉદય હોતો નથી. પણ સ્ત્રી-પુરુષ વેદનો ઉદય અને તેના કારણે દેવ-દેવીઓને રમવાના નિમિત્ત છે. આ બધાં કષાય અને તેની પ્રવૃત્તિના કારણે દેવોને પણ દુઃખી જ જાણવા.

## દેવગતિની અંચલિકા

દેવગતિ નામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને દેવગતિ કહે છે. દેવગતિના દેવો ચાર પ્રકારના છે- ૧. ભવનવાસી ૨. વ્યંતર ૩. જ્યોતિષી અને ૪. વૈમાનિક. શુભકર્મના ફળમાં દેવગતિ મળે છે. તેથી દેવગતિના દેવો અનેક પ્રકારની દિવ્યતા ધરાવે છે. આ દેવોનો જન્મ પણ દિવ્યતા દર્શાવનારો છે. કુળ પરંપરા અનુસાર જન્મ થયા પછી દરેક નવજાત દેવ દેવલોકમાં આવેલ શાશ્વત જિનમંદિરમાં બિરાજમાન શાશ્વત જિનબિંબના દર્શન-પૂજન કરી ધન્યતા અનુભવે છે. સંસારની ચારેય ગતિ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે અને તે રીતે દેવગતિ પણ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. પુણ્યોદયની પ્રધાનતાના કારણે આ દેવોને શારીરિક દુઃખો હોતા નથી. પણ મિથ્યાત્વ અને મોહને કારણે સંભવતા માનસિક દુઃખો તો છે જ. આ માનસિક દુઃખ શારીરિક દુઃખ કરતાં પણ મોટું છે. દેવગતિના દેવો પોતાથી ઊંચી કક્ષાના દેવોની ઋદ્ધિ અને વૈભવ જોઈને કે પોતાની પ્રિય અપ્સરાનું મરણ થતાં જે દુઃખ અનુભવે તે માનસિક દુઃખ છે. સઘળા પ્રકારના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો સુઅવસર મનુષ્ય જીવનમાં હોય છે. કદાચિત્ સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય અને સમ્યક્ત્વ-સન્મુખતાની શુભભાવના હોય તો તે શુભભાવનાના બળે દેવગતિમાં અવતરી પૂર્વના સમ્યક્ત્વ-સન્મુખતાના શુભભાવનાના સંસ્કારના બળે દેવગતિમાં પણ સમ્યક્ત્વ પામી શકાય છે. પણ આ જીવે બીજા અનેક પ્રકારની પરલક્ષી શુભભાવનાઓ ભાવી પણ શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ થાય તેવી સમ્યક્ત્વ-સન્મુખતાની સ્વલક્ષી શુભભાવના ન ભાવી. અરે ! ભાવલિંગ વગરનું બાહ્ય દ્રવ્યલિંગ ધારણ કરી જગતમાં મહાન યશને પામ્યો અને તેના ફળમાં ઊંચા પ્રકારનો વૈમાનિક દેવ થયો પણ શુદ્ધ સ્વભાવની શુભભાવના વગર પોતાના દુઃખનો અંત ન આવ્યો. માટે હે જીવ ! તું કોઈપણ પ્રકારે આવી શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરાવનારી સમ્યક્ત્વ-સન્મુખતાની શુભભાવના ભાવ. નહિંતર ઉચ્ચ પ્રકારની દેવગતિમાં જે મહાન ઋધિધારી વૈમાનિક દેવ હોય તે પણ આયુષ્ય પૂરું થતાં મિથ્યાત્વના ફળમાં એકેન્દ્રિયની સ્થાવરની પર્યાય પ્રાપ્ત કરી પોતાનું સંસાર ભ્રમણ ચાલુ રાખે છે. પં. દૌલતરામજીના શબ્દોમાં–



(ચોપાઈ)

जो विमानवासी हू थाय, सम्यक्दर्शन बिन दुःख पाय।
तहं ते चय थावर तन धरै, यौ परिवर्तन पूरे करै।।

**ભાવાર્થઃ** આ જીવ ઉચ્ચ પ્રકારના વૈમાનિક દેવમાં ઉપજીને પણ સમ્યગ્દર્શન વિના દુઃખ જ પામે છે અને ત્યાંથી ચ્યવીને પૃથ્વી, પાણી, વનસ્પતિ જેવા સ્થાવરના શરીર ધારણ કરીને સંસાર ભ્રમણ પૂરું કરતો રહે છે. (છ ઢાળા : ઢાળ ૧ : ગાથા ૧૭)

## ૪. મનુષ્યગતિ

मणंति जदो णिच्चं मणेण णिउणा जदो दु ये जीवो।
मणउक्कडा य जम्हा ते माणुसा भणिया ।।

**ભાવાર્થઃ ૧. જે મનના કાર્યમાં નિપુણ છે, ૨. મનના વિષયમાં ઉત્કૃષ્ટ છે, અને ૩. મન દ્વારા હેય-ઉપાદેય તત્ત્વનો વિવેક કરી શકે છે તેવા સંસારી પ્રાણીને મનુષ્ય કહે છે.**

(પંચસંગ્રહ : પ્રાકૃત : અધિકાર ૧, ગાથા ૬૨)




જે મનના કાર્યમાં નિપુણ છે, તેથી કલા-કારીગરીના કાર્યોમાં કુશળ છે. તથા જે મનના વિષયમાં ઉત્કૃષ્ટ છે, તેથી સમજણ કરવામાં શ્રેષ્ઠ છે. અને તેથી ધ્યાન-અધ્યયનાદિ કાર્યો કરી શકે છે. તથા જે મન દ્વારા હેય- ઉપાદેય તત્વનો વિવેક કરી સ્વ-પરના ભેદજ્ઞાન

દ્વારા પોતે પોતાને જાણી શકે છે, અનુભવી શકે છે, તેને મનુષ્ય કહે છે.

મનુષ્ય મનના વિષયમાં સર્વોપરી છે. શુદ્ધાત્માની સમજણ અને સ્વ-પરનું ભેદજ્ઞાન મનુષ્યપર્યાયમાં સુલભ છે અને તેથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે સર્વશ્રેષ્ઠ યોગ્યતા મનુષ્યગતિમાં છે. મનુષ્યગતિમાં સમ્યગ્દર્શન સાધી ચારગતિના ભ્રમણનો અંત આણી શકાય છે. આત્મહિતનું સાધન કરવાનું શ્રેષ્ઠ સ્થાન તે મનુષ્યગતિ છે. મનુષ્યના વસવાટના સ્થાનને મનુષ્યલોક કહે છે.

## મનુષ્યલોકનું વર્ણન

લોકાકાશની મધ્યમાં એક રાજૂ લાંબા, એક રાજૂ પહોળા અને મેરુપર્વતના મૂળથી ટોચ સુધીના એક લાખ ચાલીશ યોજન ઊંચા ભાગને મધ્યલોક કહે છે. આ મધ્યલોકને તિર્યંકલોક પણ કહે છે. આ મધ્યલોકની એકદમ વચ્ચે જંબૂદ્વીપ અને તેને ફરતે આવેલ લવણ સમુદ્રથી પ્રારંભ કરીને એક બીજાથી ઘેરાયેલા અને ઉત્તરોત્તર બમણાં બમણાં વિસ્તારવાળા અસંખ્ય દ્વીપો અને અસંખ્ય સમુદ્રો આવેલા છે. સૌથી છેલ્લો દ્વીપ સ્વયંભૂરમણદ્વીપ અને તેને ફરતો છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણસમુદ્ર આવેલો છે. આ પૈકી વચ્ચેના અઢીદ્વીપના ભાગને મનુષ્યલોક કહે છે. તેમાં સૌથી વચ્ચેનો જંબૂદ્વીપ, તેને ફરતે આવેલ લવણ સમુદ્ર, તેના ફરતે આવેલ ધાતુકી દ્વીપ, તેને ફરતે આવેલ કાલોદધિ સમુદ્ર અને તેને ફરતે પુષ્કરદ્વીપ આવેલ છે. પુષ્કરદ્વીપના અડધા ભાગ સુધીના અઢીદ્વીપના વિસ્તારમાં મનુષ્યોનો વસવાટ છે અને તેથી તે મનુષ્યલોક કહેવાય છે.






મધ્યલોક અને મનુષ્યલોકનો સૌથી વચ્ચેનો ભાગ જંબુદ્વીપ છે કે જેમાં આપણે અત્યારે રહીએ છીએ. જંબૂદ્વીપનો જે વિસ્તાર અને રચના છે તેના કરતાં બમણો વિસ્તાર અને બમણી રચના ધાતુકીખંડદ્વીપ અને પુષ્કરાર્ધદ્વીપની છે મનુષ્યલોકની રચના સમજવા માટે જંબૂદ્વીપની રચના જોઈશું અને તેના આધારે બાકીના ધાતકીખંડદ્વીપ અને પુષ્કરાર્ધદ્વીપની રચના તેના કરતાં બમણી હોવાથી આપમેળે સમજી શકાશે.

## જંબૂદ્વીપનું વર્ણન

જંબૂદ્વીપની વચ્ચોવચ એક લાખ ચાલીશ યોજન (૧૨૮૦૫૧૨ કિ.મી.) ઊંચો મેરુપર્વત આવેલો છે. મેરુપર્વતની ઉત્તરદિશા તરફ તેને અડીને ઉત્તરકુરુક્ષેત્ર અને ત્યારપછી રમ્યક, હૈરણ્યવત્ અને લવણસમુદ્રને અડીને ઐરાવતક્ષેત્ર આવેલા છે. તે જ રીતે મેરુપર્વતની દક્ષિણ દિશા તરફ અનુક્રમે દેવકુરુ, હરિ, હૈમવત્ અને ભરતક્ષેત્ર આવેલાં છે. અત્યારે આપણે રહીએ છીએ તે ભરતક્ષેત્ર છે. મેરુપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં આવેલા ક્ષેત્રને વિદેહ ક્ષેત્ર કહે છે. દરેક વિદેહના કુલ ૧૬ વિભાગ છે. જેને વિજય કહે છે. આ રીતે પૂર્વ અને પશ્ચિમ વિદેહના થઈને કુલ ૩૨ વિજય છે. આ દરેક ક્ષેત્રોમાં મનુષ્યો રહે છે. આ ક્ષેત્રો પૈકી ૩૨ વિદેહક્ષેત્ર, ૧ ઐરાવત અને ૧ ભરત મળીને કુલ ૩૪ ક્ષેત્રોમાં કર્મભૂમિની રચના હોય છે. આ દરેક કર્મભૂમિમાં એક આર્ય અને પાંચ અનાર્ય કે મ્લેછ મળીને કુલ છ ખંડ હોય છે. કર્મભૂમિના આર્ય કે અનાર્ય મનુષ્યોને અસિ, મસિ, કૃષિ જેવી આજીવિકાની પ્રવૃત્તિ હોય છે. બાકીના ક્ષેત્રો ભોગભૂમિના છે. જેમાં ઉત્તરકુરુ અને દેવકુરુમાં ઉત્તમ ભોગભૂમિ, રમ્યક્ અને હરિ ક્ષેત્રમાં મધ્યમ ભોગભૂમિ તથા હૈરણ્યવત્ અને હૈમવત ક્ષેત્રમાં જઘન્ય ભોગભૂમિની રચના હોય છે. ભોગભૂમિના મનુષ્યોને આજીવિકાની પ્રવૃત્તિ હોતી નથી. ત્યાં દશ પ્રકારના કલ્પવૃક્ષો હોય છે. જે મનોવાંછિત ફળ આપે છે. આ કલ્પવૃક્ષો ૧. પાનાંગ, ૨. વસ્ત્રાંગ, ૩. ભૂષણાંગ, ૪. આલયાંગ, ૫.

દીપાંગ, ૬. ભાજનાંગ, ૭. માલાંગ, ૮. તેજાંગ, ૯. તૂર્યાંગ અને ૧૦. ભોજનાંગ જાતિના હોય છે અને તેમના નામ પ્રમાણે ફળ આપનારાં છે.

## મનુષ્યગતિના દુ:ખોનું વર્ણન



કદાચિત્ સૂર્ય ઠંડો થઇ જાય, ચંદ્ર ગરમ થઇ જાય કે મેરુપર્વત ડોલાયમાન થાય તોપણ આ સંસારની ચાર ગતિના ચક્રમાં ભ્રમણ કરતાં જીવને ક્યારેય સુખની પ્રાપ્તિ ન થાય. સંસારી જીવનું ચારગતિનું ભ્રમણ અને તેની વિષય-કષાયની પ્રવૃત્તિ તેના દુ:ખને જ દેખાડે છે. મહાન પુણ્યશાળી દેવો પણ દુ:ખી જ છે. તો પછી હીન પુણ્યશાળી મનુષ્યોની શી વાત ! ઉત્તમ ભોગભૂમિની રચનાવાળો અવસર્પિણીનો પ્રથમ કાળ સુખમ સુખમ કહેવાતો હોવા છતાં પરમાર્થે તો તે પણ મનુષ્યોને દુ:ખ ભોગવવાનું જ સ્થાન છે ત્યારે વર્તમાન અવસર્પિણીનો પંચમકાળ દુ:ખમ જ કહેવાતો હોવાથી અત્યારના મનુષ્યોને સુખનું નામોનિશાન પણ ક્યાંથી હોય ? મનુષ્યોનું જીવન આધિ-વ્યાધિ-ઉપાધિઓથી ભરપૂર છે. આપણે અત્યારે મનુષ્યગતિમાં છીએ અને તેનાં દુ:ખો પ્રત્યક્ષ અનુભવી રહ્યા જ છીએ. તેથી તેના વર્ણનની કોઇ જરૂર નથી. તોપણ મનુષ્યજીવનના દરેક તબક્કામાં દુ:ખ જ છે. તે નીચે મુજબ કહી શકાય છે.




મનુષ્યનો જન્મ થતા અગાઉ ગર્ભાવસ્થામાં માતાના ઉદરની કાજળ કોટડી સમાન કેદખાનામાં ખૂબ જ સંકોચાઇને ઊંધે માથે ટીંગાઇને રહેવું પડે છે. તે સમયે તે અત્યંત દુર્ગંધયુક્ત મળ-મૂત્રની વચ્ચે વમન કરવા યોગ્ય પદાર્થનો આહાર કરે છે. ગર્ભાવસ્થાના દુ:ખ નરકની સમાન અતિશય તીવ્ર અને કાચા ઘડાને અગ્નિમાં પકવવાના કુંભીપાક સમાન અતિશય ભયંકર છે. એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઉપજે છે તે કરતાં આઠગણી વધુ વેદના ગર્ભાવસ્થામાં રહેલ બાળક પામે છે. મળ, મૂત્ર, લોહી, પરુમાં લગભગ નવ મહિના સુધી મૂર્છાગત સ્થિતિમાં વેદના ભોગવીને મનુષ્ય જન્મ પામે છે.

જન્મ સમયે જન્માવસ્થાની વેદના ગર્ભાવસ્થાની વેદનાથી અનંતગણી હોય છે. જે અશુચિ છે, અદર્શનીય છે, દુર્ગંધથી યુક્ત છે, લોહી અને મૂત્રને વહેવડાવનારી ગટર સમાન છે તેવા માતાના યોનિદ્વારમાંથી ખૂબ જ ભીંસાઇ-પીસાઇને બહાર આવતા અસહ્ય દુ:ખ તે જન્મ સમયે પામે છે. જન્મ સમયે માતાની વેદના જોઇ શકાતી નથી પણ માતા કરતાં ય અનેકગણી વેદના જન્મ પામનાર બાળકને થાય છે. જન્મ થતાં જન્મ લેનાર બાળક રડતો હોય છે ત્યારે તેના પિતા પેંડા કે બરફી વહેંચી ખુશાલી મનાવે છે તે એક દાઝયા ઉપર ડામ સમાન છે. મનુષ્યના જન્મ પછી પણ તેના દુ:ખની પરિપાટી પૂરી થતી નથી અને તે ચાલુ જ રહે છે.

બાલ્યાવસ્થામાં ઘોર અજ્ઞાન અને અણસમજણને કારણે દુ:ખ જ હોય છે. મળ, મૂત્ર, ધૂળ, નગ્નઅવસ્થામાં રઝળીને રડતાં રડતાં બાલ્યાવસ્થા પૂરી થાય છે અને યુવાવસ્થા આવે છે.

યુવાવસ્થામાં વેપાર-ધંધાની ફીકર, કુટુંબ-કબીલાની પળોજણ અને વિષયોની વળગણથી એકદમ ઘેરાઇ જાય છે. પૈસા કમાવા માટે અનેક પ્રકારના પાપમાં પડવું પડે છે અને જ્યાંથી ઉત્પન્ન થયો છે ત્યાં તેની વૃત્તિ થાય છે. પૈસા પાછળ આંધળી દોટ અને વકરેલા વિષયોની પ્રવૃત્તિથી તે પાગલ જેવો થઇ જાય છે. યુવાવસ્થાનો મોટા ભાગનો સમય પૈસા અને પત્ની પાછળ ખર્ચાઇ જાય છે. થોડો ઘણો સમય બાકી રહે છે તોપણ ઉન્માદ, આળસ, અભિમાન, નિંદદષ્ટિ, મોજશોખ અને સંયોગ-વિયોગની ઘટમાળમાં ચાલ્યો જાય છે. યુવાવસ્થાનો કાળ જ આત્મહિત માટે સૌથી વધુ ઉપયુક્ત છે પણ તે આ રીતે ગુમાવાઇ જાય છે અને ત્યાં વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહે છે.

વૃદ્ધાવસ્થા થતાં ઇન્દ્રિયો શિથિલ થઇ જાય છે. શરીર રોગોથી ઘેરાઇ જાય છે. સ્વભાવ ચીડિયો થઇ જાય છે અને યાદશક્તિ ક્ષીણ થઇ જાય છે. સફેદ વાળ, કરચલીવાળી ચામડી, વાંકી કેડ, આંખે ઝાંખપ અને કાને બહેરાશવાળો તે અધમૂઓ થઇને પરવશપણે જિંદગી ગુજારે છે અને થોડા કાળમાં યમરાજા આવી પહોંચે છે.



મરણ કાળે જેની સાથે અત્યંત એકત્વબુદ્ધિ છે એવા શરીર મન, વાણી, ઇન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય જેવા દ્રવ્યપ્રાણોથી છૂટવાનો સમય આવી પહોંચે છે. કુટુંબ, પૈસા, મકાન, સત્તા અને સંપતિ જેવા સંયોગોને એકી સાથે છોડવા પડે છે. એક સંયોગને છોડવું પણ "અઘરૂં થઇ પડે છે તો એકીસાથે સઘળાં સંયોગોને છોડવા કેવી રીતે પોષાય ? વેદનાની અને એકત્વબુદ્ધિની ભીંસમાં ભીસાતો તે ભયંકર દુઃખ પામે છે. જેણે મરણની અગાઉ તૈયારી કરી રાખી છે એવા જ્ઞાની ધર્માત્મા જ મૃત્યુને મહોત્સવ તરીકે સ્વીકારી સમાધિમરણને પામે છે. આ સમાધિમરણ પણ ઘણું દુઃખદાયી જ છે. તો અજ્ઞાનીનું અસમાધિમરણ કેટલું દુઃખદાયી હોય ! અજ્ઞાનીનો બધો ઉપયોગ શરીરની પીડામાં રોકાઇ જતાં અત્યંત મોહને કારણે જ્ઞાન એકદમ હીણું થઇ જાય છે અને તેથી તે બેભાનપણે અશુભ લેશ્યામાં દેહને છોડે છે. દેહમાંથી જીવ ચાલી નીકળે છે. કાયા હતી ન હતી થઇ જાય છે. મરણ સમયનું દુઃખ સૌથી મોટું હોય છે અને આ મરણ ઉપર જણાવેલ અનુક્રમ મુજબ ગર્ભાવસ્થા બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા પછી જ આવે છે તેવું નથી. ગમે ત્યારે આવીને ઊભું રહે છે. તેથી મરણનો ભય કાયમ માટે ઝળુંબતો રહે છે.

આત્મહિતનો ઉપાય સૌથી વધુ સારી રીતે મનુષ્યગતિમાં થઇ શકતો હોવાથી ચારેય ગતિમાં મનુષ્યગતિને શ્રેષ્ઠ કહી છે, તોપણ તે દુઃખથી ભરપૂર છે. તેથી મનુષ્યગતિનો ઉપયોગ આત્મહિતની આરાધનામાં કરી સંસારની ચારેય ગતિનો અંત આણવો તેમાં જ મનુષ્ય જીવનની સફળતા છે.

## મનુષ્યગતિની અંચલિકા

મનુષ્યગતિ નામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત દેહમાં રહેવાની સંસારી જીવની સ્થિતિને મનુષ્યગતિ કહે છે. મનના વિષયમાં નિપુણ, ઉત્કૃષ્ટ અને વિવેકી હોય તેને મનુષ્ય કહે છે. તેથી મનુષ્યગતિના મનુષ્યો મનના વિષયમાં સર્વોપરી છે. આત્મહિતની સમ્યગ્દર્શનની સાધના માટે મનના વિષયની જરૂર પડે છે, જે મનુષ્યજીવનમાં ઉત્કૃષ્ટપણે છે. મનુષ્યજીવનમાં આત્મહિતની સમ્યગ્દર્શનની સાધના કરી ચારગતિનાં સંસાર ભ્રમણનો અંત આણી શકાય છે. આ કારણે ચારેયગતિમાં મનુષ્યગતિને શ્રેષ્ઠ કહી છે. તોપણ આ મનુષ્યગતિ પણ દુઃખથી ભરપૂર છે. મનુષ્યજીવનના દરેક તબક્કા - ગર્ભાવસ્થા, જન્માવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા, મરણાવસ્થા દુઃખમય જ છે. અમૂલ્ય મનુષ્યજીવનનો સદુપયોગ આત્મહિત સાધવા માટે કરવામાં આવે તો આ બધા દુઃખોથી છૂટકારો મેળવી શકાય છે. કવિશ્રી મંગતરાયના શબ્દોમાં -

(છંદ : વિષ્ણુપદ)

मानुष जन्म अनेक विपत्तिमय, कहीं न सुख देखा ।
पंचम गति सुख मिले शुभाशुभ, का मेटो लेखा ।।

**ભાવાર્થઃ** મનુષ્ય ગતિ અનેક પ્રકારના દુઃખોથી યુક્ત છે અને તેમાં ક્યાંય જરાપણ સુખ નથી પરંતુ આ મનુષ્યગતિમાં જ ચારે ગતિના સઘળાં પ્રકારના દુઃખોને ટાળી પંચમગતિ એટલે કે મોક્ષદશાના શાશ્વત સુખની પ્રાપ્તિ થઇ શકે છે. પણ તે માટે મનુષ્યજીવનનો સદુપયોગ આત્મહિત સાધી શુભાશુભભાવને મટાડવામાં કરવો જોઇએ. તેથી થતી મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં મનુષ્યગતિની સફળતા છે.

(મંગતરાયકૃત સંસારભાવનામાંથી)

## ઉપસંહાર

સંસારનો અર્થ સંસરણ છે. સંસરણ એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાંથી સરકી જઇ ગોળ ગોળ ફરવું તે છે. આ કારણે સંસાર પોતાના સ્વરૂપથી જ ગોળ ગોળ ફરતું એક ચક્ર જ છે. જેમ ચક્ર પોતાની ધરીની આસપાસ ફરતું રહે છે તેમ સંસારરૂપી ચક્ર મિથ્યાત્વરૂપી ધરીની આસપાસ ફરતું રહે છે.જેમ ચક્રને પોતાની ધરી સાથે જોડતાં ત્રણ આરાઓ હોય

છે, તેમ સંસારરૂપી ચક્રને પોતાની મિથ્યાત્વરૂપી ધરી સાથે જોડતાં ત્રણ આરાઓ સમાન મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. જેમ સૂર્ય-ચંદ્ર વગેરે મેરુપર્વતની આજુબાજુ પરિક્રમણ કરે છે. તેમ સંસારરૂપી ચક્ર પોતાના ગતિનામકર્મોદયરૂપી કેન્દ્રની આજુબાજુ સંસારની નરક-તિર્યંચ-દેવ-મનુષ્યની ચારગતિરૂપ પરિક્રમણ કરે છે. જેમ પરિક્રમણ કરતાં ચક્રને ક્યાંય સ્થિરતા કે વિસામો નથી તેમ ચારગતિરૂપ પરિક્રમણ પામતા સંસારરૂપી ચક્રને ક્યાંય સુખ કે શાંતિ નથી.

સંસારની તિર્યંચગતિમાં ક્ષુધા-તૃષા, છેદન-ભેદન, વધ-બંધન જેવા અનેક પ્રકારના મહાદુઃખો છે. નરકગતિમાં બિલકુલ પુણ્યનો ઉદય નથી અને તેથી ક્ષેત્રજન્ય, શારીરિક, માનસિક અને અસુરકુમારદેવકૃત અસહ્ય દુઃખો લાંબા કાળ સુધી ભોગવવા પડે છે. દેવગતિના દેવોમાં વિષય-કષાયની પ્રવૃત્તિ જોવા મળે છે તે જ તેમના દુઃખોને દર્શાવે છે. આ દેવો પોતાની મંદારમાળા કરમાઈ જાય છે ત્યારે હવે પોતાનું મરણ છ મહિનામાં થશે તેમ જાણી અત્યંત દુઃખ પામે છે. મનુષ્યગતિનાં જન્મથી માંડીને મરણ સુધીનાં દુઃખો આપણી નજર સામે જ પ્રત્યક્ષ છે. અને તે દુઃખો ભોગવતા આપણે તેમાંથી પસાર થતાં રહ્યા છીએ. આમ સંસારની ચારે ગતિ દુઃખોથી જ ભરપુર છે. આ દુઃખોનું મૂળ કારણ મિથ્યાત્વ છે. સંસારને અસાર જાણી જે સમ્યક્ત્વની સાધના કરી સંસારથી વિરક્તિ પામી મુનિદશા અંગીકાર કરે છે તે શીઘ્ર આ સંસાર અને તેના દુઃખોથી છૂટકારો મેળવે છે. કવિ સ્વરૂપચંદજીના શબ્દોમાં-



(ઢાળ : ત્રિભુવન ગુરુ કી)

संसार असाराजी, मिथ્યात्व अंधाराजी।
यामें दुःख भारा, चतुर्गति के विषेजी।।
तिर्यञ्च गति धारीजी, पशुकाया सारीजी।
तामें दुःख भारी, भूख तृषा तणीजी।।
नरकनिके माहींजी, कहुँसाता नाहींजी ।
सागर बहु तांई, दुःख भुगत्या घणाजी।।
सुरपदवी मांहीजी, माला मुरझाइजी ।
चिन्ता दुःखपाई, भोगी मरणकीजी ।।
मानुष भव माहींजी, सुख है छिन नांहींजी।
सबकूं दुःख पाई, गर्भज वेदना जी ।।
ईह विधि संसाराजी, ताको नहिं पाराजी।
यह जाण असारो, त्यागी मुनी भएजी।।

**ભાવાર્થઃ** મિથ્યાત્વરૂપી અંધકારને કારણે સંસારની ચારે ગતિમાં ભયંકર દુઃખો છે અને તેના કારણે સંસાર અસાર છે.

તિર્યંચગતિના પશુઓમાં તેના આડા શરીરને કારણે અને ક્ષુધા-તૃષાદિને કારણે મહા દુઃખો છે. નરકગતિમાં બિલકુલ શાતા હોતી નથી અને તેના ભયાનક દુઃખો કેટલાંય સાગરોપમ સુધીના લાંબા કાળ સુધી ભોગવવા પડે છે. દેવગતિના દેવપદમાં પણ મંદારમાળા મુરઝાઈ જવાના સમયે હવે મરણ થશે અને ભોગો ભોગવાશે નહિ તેવી ચિંતાના કારણે અત્યંત દુઃખ થાય છે. મનુષ્યના ગર્ભજ જન્મની દુઃખદાયક વેદના બધાંને જાણીતી છે. અને જન્મ પછી પણ મનુષ્ય ગતિમાં એક ક્ષણને માટે પણ સુખ હોતું નથી.

આ રીતે સંસારની ચારે ગતિનાં દુઃખોનો કોઈ પાર નથી. તેથી સંસારને અસાર સમજી સમ્યગ્દર્શન સાધી આત્મહિત માટે સંસારનો ત્યાગ કરી મુનિદશા વડે સંસાર અને તેના દુઃખોનો અભાવ કરવો તે જ કર્તવ્ય છે. (કવિ સ્વરૂપચંદજીકૃત ચૌસઠ ઋદ્ધિ વિધાન પૂજામાં ત્રીજા કોઠાની વિક્રિયા ઋદ્ધિની પૂજાની જયમાલામાંથી)

## ટિપ્પણ

૧. વડવાગ્નિ : દરિયામાં લાગતો દવ, દાવાગ્નિ • . ૨. વિલક્ષણ : અલગ પ્રકારનું લક્ષણ, મોક્ષગતિ સંસારની ચારગતિથી વિલક્ષણ છે. • ૩. ઊર્ધ્વ ગતિ : શિરોલંબપણે શીઘ્રગતિથી લોકાગ્રે પહોંચવું તે ઊર્ધ્વગતિ છે. • ૪. સંજ્ઞા : ઈચ્છા • ૫. જુગલીયા : સ્ત્રી-પુરુષનું યુગલ એકસાથે જન્મે તે જુગલીયા કહેવાય. • ૬. સંસ્થાન :શરીરનો આકાર કે દેખાવ. • ૭. કવલાહાર : મુખવડે કોળિયાથી લેવાતો આહાર. • ૮. નિહાર : ઝાડો, પેશાબ • ૯. પટહ : પડઘમ, નગારી. • ૧૦. કુલાચલ : પર્વત. • ૧૧. જઘન્ય : હલકા. • ૧૨ અકારુ : અળખામણું, અપ્રિય.

## સંદર્ભ ગ્રંથો


પ્રાસ્તાવિક ૧. જ્ઞાનાર્ણવ : શ્લોક ૧.

ગતિ એટલે શું ? ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯/૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧/૫/૯૭૬/૫; • ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૪૬; કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; • ૪. ધવલ : ૬/૧, ૯૧, ૨૮/૫૦/૧૧; ૧૩/૫,૫,૧૦૧/૩૬૩/૯; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ગતિ : ૨/૨ પાનુ ૨૩૬; • ૬. સર્વાર્થસિદ્ધિ : ૨/૬/૧૫૯/૨; • ૭. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૪૬ની ટીકા.

૧. તિર્યંચગતિ ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૪૮; • ૨. ધવલ : ૧/૧,૧,૨૪/ગા. ૧૨૯/૨૦૨; • ૩. પંચસંગ્રહ : પ્રાકૃત : અધિકાર ૧, ગાથા ૬૧.

તિર્યંચગતિ એટલે શું ? ૧. ષટ્ખંડાગમ : ૬/૧૫૯-૧/ સૂત્ર ૨૯/૬૭૭; ૧૩/૫૦૫/સૂત્ર ૧૦૨/૩૬૭. • ૨. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૪ સૂત્ર ૨૭; • ૩. ધવલ :

૧૩/૫,૫,૧૪૦/૩૯૨/૨; ૧/૧,૧,૨૪/ ગા. ૧૨૯/ ૨૦૨; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ગતિ : ૨/૩ખ પાનુ ૨૩૭; તિર્યંચ : ૧/૧ પાનુ ૩૬૭. તિર્યંક્‌લોક એટલે શું ? ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૯/૨૫૦/૧૨; ● ૨. તિલોયપણ્ણતિ : ૫/૬–૭; ● ૩. તત્વાર્થરાજવાર્તિક : ૩/૭/ઉત્થાનિકા/૧૬૯/૯; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : તિર્યંચ : ૩/૧, ૨ પાનુ ૩૭૦. તિર્યંચગતિનાં જીવોનું અવસ્થાન : ૧. હરિવંશપુરાણ : ૫/૬૩૩; ● ૨. ધવલ : ૪/૧, ૩, ૨/૩૩/૨; ● ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૪૨, ૧૪૩, ૧૪૪; ● ૪. ત્રિલોકસાર : ગાથા ૩૨૦; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : તિર્યંચ : ૩/૪, પાનુ ૩૭૦. તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન : ૧. ભગવતીઆરાધના : ગાથા ૧૫૯૦ થી ૯૬; ● ૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૩૪૧; ● ૩. મોક્ષમાર્ગપ્રકાશક : અધિકાર ૩, પાનુ ૭૧; ● ૪. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૦ થી ૪૪; ● ૫. વસુનંદીશ્રાવકાચાર : ગાથા ૧૭૭ થી ૧૯૨. તિર્યંચ ગતિની અંચલિકા : ૧. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૨, ૩૩; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૬/૭/૧૪૫/૧; ● ૩. ભાવપાહુડ : ગાથા ૧૦.

૨. નરકગતિ : ૧. ત્રિલોકસાર : ગાથા ૨૦૭; ૨. તત્વાર્થરાજવાર્તિક : ● ૨/૫૦/૨–૩/૧૫૬/૧૩. ● ૩. ધવલ : ૧/૧૧૨૪/૨૦૧/૬; ● ૪. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૪૭.

નરકગતિમાં ઉપજવાનાં કારણો : ૧. ત્રિલોકસાર : ગાથા ૧૭૯; ● ૨. ત્રિલોકભાસ્કર : પાનુ ૭૫. નરકભૂમિનું વર્ણન : ૧. ત્રિલોકસાર : ગાથા ૧૫૯ થી ૧૭૭; ● ૨. તત્વાર્થસૂત્ર : અધ્યાય ૩, સૂત્ર ૧; ● ૩. તિલોયપણ્ણતિ : ૧/૧૫૩; ૨/૨૮, ૩૬, ૯૫, ૨૦૪, ૩૦૨ થી ૩૧૨; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨, નરક : ૫ પાનુ ૫૭૬,૫૭૭; ● ૫. વસુનંદીશ્રાવકાચાર : ગાથા ૧૭૧, ૧૭૨. નરક ગતિના દુઃખોનું વર્ણન : ૧. તત્વાર્થ સૂત્ર : અધ્યાય ૩, સૂત્ર ૪૫; ● ૨. ત્રિલોકસાર : ગાથા ૧૮૬ થી ૧૯૭; ● ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૪ થી ૩૯; ● ૪. ભગવતીઆરાધના : ગાથા ૧૫૭૧ થી ૧૫૮૮; ● ૫. મોક્ષમાર્ગપ્રકાશક : અધિકાર ૩ પાનુ ૬૯, ૭૦; ● ૬. છ ઢાળા : ઢાળ ૧ ગાથા ૧૦ થી ૧૩; ● ૭. વસુનંદી શ્રાવકાચાર : ગાથા ૧૩૫ થી ૧૭૦ નરકગતિની અંચલિકા : ૧. ભાવપાહુડ : ૮, ૯.

૩. દેવગતિ : ૧. પંચસંગ્રહ : પ્રાકૃત : અધ્યાય ૧ ગાથા ૬૩. દેવ ગતિ એટલે શું ? ૧. ધવલ : ૧/૧, ૧, ૨૪/૨૦૩/૪; ૧૩/૫,૫, ૧૪૧/૩૯૨/૧; ● ૨. પંચસંગ્રહ : પ્રાકૃત : અધ્યાય ૧ ગાથા ૬૩; ● ૩. સર્વાર્થસિદ્ધિ : ૪/૧/૨૩૬/૫; ● ૪. તત્વાર્થરાજવાર્તિક : ૪/૧/૧/ ૨૦૯/૯; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : દેવ : ૨/૧ પાનુ ૪૪૫ દેવોની દિવ્યતા : ૧. ધવલ : ૯/૪–૧, ૧૫/૭૫૪; ● ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૫૧; ● ૩. જૈ. સિ. કોશ : ભાગ ૧ : ઋદ્ધિ : પાનુ ૪૫૦, ભાગ ૨ : દેવ : ૨/૨/૪ પાનુ ૪૪૬. દેવોના જન્મનું વર્ણન : ૧. તિલોયપણ્ણતિ : ૩/૨૨૮ ૨૨૯; ● ૨. ગોમ્મટસાર : જી. પ્ર. ૮૩/૨૦૫/૧; ● ૩. જૈ. સિ. કોશ : ભાગ ૧ : ઉપપાદ, પાનુ ૪૨૭; ભાગ : ૨ દેવ ૨/૨/૩ પાનુ ૪૪૫. દેવોના પ્રકાર : ૧. તત્વાર્થ સૂત્ર : ૪/૧; ૨. સર્વાર્થસિદ્ધિ : ૪/૧/૨૩૭/૧; ૩. પંચાસ્તિકાય : ગાથા ૧૧૮. દેવગતિના દુઃખોનું વર્ણન : ૧. પ્રવચનસાર : ગાથા ૬૩, ૬૪; ● ૨. મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય ૩ પાનુ ૭૩; ● ૩. તિલોયપણ્ણતિ : ૩/૧૪૧, ૧૪૨, ૨૩૧ થી ૨૩૫; ● ૪. ત્રિલોકસાર : ગાથા ૨૧૨; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : દેવ : ૨/૨/૭ પાનુ ૪૪૬. ● ૬. વસુનંદીશ્રાવકાચાર : ગાથા ૧૯૧ થી ૨૦૦. દેવ ગતિની અંચલિકા : ૧. ભાવપાહુડ : ગાથા ૧૨, ૧૫

૪. મનુષ્ય ગતિ : ૧. પંચસંગ્રહ : પ્રાકૃત : અધિકાર ૧, ગાથા ૬૨; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૯૯. મનુષ્યલોકનું વર્ણન : ૧. તિલોયપણ્ણતિ : ૪/૬, ૭, ૮, ૧૦, ૧૧, ૨૩૯૮, ૨૫૨૭, ૨૭૧૮, ૨૭૪૪, ૨૭૪૮; ● ૨. ત્રિલોકસાર : ગાથા ૫૬૨; ● ૩. ધવલ : ૧/૧,૧,૧૬,૩/૪૦૪/૧; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૩ : મનુષ્ય : ૪/૧૩, પાનુ ૨૭૪, ૨૭૫ જંબુદ્વીપનું વર્ણન : ૧. તત્વાર્થસૂત્ર : ૩/૯ થી ૨૩ ● ૨. જૈ. સિ. કોશ : ભાગ ૩ : લોક : ૩/૧ પાનુ ૪૪૪. મનુષ્યગતિના દુઃખોનું વર્ણન : ૧. મોક્ષમાર્ગપ્રકાશક : અ. ૩ પાનુ ૭૧; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૫ થી ૫૭; ● ૩. ભગવતીઆરાધના : ગાથા ૧૫૯૭ થી ૧૬૦૬; ● ૪. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૮ મોક્ષમાળા, શિક્ષાપાઠ ૧૮; ચારગતિ : પાનુ ૭૦; ● ૫. વસુનંદીશ્રાવકાચાર : ગાથા ૧૮૩ થી ૧૯૯; ● ૬. આત્માનુશાસન : ગાથા ૮૧. મનુષ્ય ગતિની અંચલિકા : ૧. છ ઢાળા : ઢાળ ૧ ગાથા ૧૫

ઉપસંહાર : ૧. કવિ સ્વરુપચંદજી : ચૌસઠ ઋદ્ધિ વિધાન પૂજામાં સિદ્ધિયાઋદ્ધિની પૂજાની જયમાલામાંથી.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. સંસારને સમુદ્રની ઉપમા છે. કેમ કે-** ૧. ☐
A. સમુદ્રમાં વડવાગ્નિ છે તેમ સંસારમાં આધિ–વ્યાધિ–ઉપાધિ છે
B. સમુદ્રમાં ભરતી–ઓટ છે તેમ સંસારમાં સુખ–દુઃખ છે
C. સમુદ્રનો પાર પામી શકતો નથી તેમ સંસારનો પાર પામી શકાતો નથી
D. સમુદ્રમાં મહામત્સ્યો હોય છે તેમ સંસારમાં મહાપુરુષો હોય છે

**૨. જીવના સાચા સુખનું સ્થાન કઇ ગતિ છે ?** ૨. ☐
A. એકેય નથી  B. પાંચમી ગતિ
C. બધી ગતિ  D. મનુષ્યગતિ

**૩. ક્યા જીવો તિર્યંચ ગતિના કહેવાય ?** ૩. ☐
A. સંજ્ઞી પંચેન્દ્રિય પશુઓ
B. તિર્યંક્‌લોકમાં રહેતા બધા જીવો
C. મનુષ્ય, દેવ, નારકી સિવાયના બાકી બધાં સંસારી જીવો
D. આડા શરીરવાળા બધાં જીવો

**૪. ભોગભૂમિમાં ક્યા જીવો હોતાં નથી ?** ૪. ☐
A. એકેન્દ્રિય  B. અસંજ્ઞી પંચેન્દ્રિય
C. સંજ્ઞી પંચેન્દ્રિય  D. વિકલેન્દ્રિય

**૫. સ્વભાવથી જ માયાચારી હોય તેવા જીવો કઇ ગતિના છે?** ૫. ☐
A. મનુષ્ય  B. દેવ
C. નારક  D. તિર્યંચ

**૬. સંસારી જીવની તિર્યંચ ગતિના ભવો બીજી ગતિની સરખામણીમાં કેટલા હોય છે ?** ૬. ☐
A. બીજી કોઇપણ ગતિથી ઓછા હોય છે
B. બીજી કોઇપણ ગતિ જેટલાં જ હોય છે
C. બીજી ગતિકરતાં અસંખ્યાતગણા વધુ હોય છે
D. બીજી ગતિ કરતાં અનંતગણા વધુ હોય છે

**૭. નરક ગતિમાં ઉપજવાનું મુખ્ય કારણ ક્યું ?** ૭. ☐
A. આત્માની ઊંઘાઇ
B. સાત પ્રકારના વ્યસનોનું સેવન
C. તીવ્ર ક્રોધના પરિણામ
D. ઘણો આરંભ અને પરિગ્રહ

**૮. નારકીઓના નિવાસને શું કહે છે ?** ૮. ☐
A. પટલ  B. ભૂમિ  C. બિલ  D. વિમાન

**૯. નરકના મુખ્ય દુઃખોના વર્ણનમાં નીચે પૈકી કોનો સમાવેશ નથી ?** ૯. ☐
A. માનસિક દુઃખ
B. કર્મોદયજન્ય દુઃખ
C. ક્ષેત્રજન્ય દુઃખ
D. શારીરિક દુઃખ

**૧૦. ભવનવાસી દેવલોકના અસુરકુમાર જાતિના દેવો કેવા છે ?** ૧૦. ☐
A. ક્રૂર અને કુતૂહલપ્રિય
B. સરળ અને મંદપરિણામી
C. દુરાચારી અને અસંયમી
D. દુષ્ટ અને ઘાતકી

**૧૧. નરક ગતિની સાબિતિ માટે નીચે પૈકી કઇ બાબત ઉપયુક્ત છે ?** ૧૧. ☐
A. પાપ ભોગવવાનુંસ્થાન ક્યાંક હોવુંજોઇએઅનેતે નરકગતિ છે
B. નરક ગતિ ન હોય તો બીજી કોઇ ગતિ ન હોય
C. દેવ ગતિ છે તો તેની વિરોધી નરક ગતિ પણ છે
D. નરક ગતિ ન હોય તો જીવ ધર્માભિમુખ ન બને

**૧૨. દેવોની દિવ્યતા શાને આભારી છે ?** ૧૨☐
A. અમૃતમય આહાર અને રમણીય સ્થાનોમાં વિહાર
B. દિવ્ય ગુણો અને દિવ્ય શરીર
C. ઉત્તમ સંસ્થાન અને ઉત્તમ સંહનન
D. મણિરત્નના મહેલો અને સુંદર અપ્સરાઓ

**૧૩. નવજાત દેવ સૌપ્રથમ ક્યું કામ કરે છે ?** ૧૩☐
A. દેવાંગનાને મળવા જવાનું
B. અમૃતમય આહાર આરોગવાનું
C. શાશ્વત જિન પ્રતિમાનાં દર્શન–પૂજનનું
D. અવધિજ્ઞાન વડે પૂર્વના ભવનું સ્મરણ કરવાનું

**૧૪. સોળ સ્વર્ગ ઉપરના વૈમાનિક દેવને શું કહેવાય છે ?** ૧૪☐
A. ઈન્દ્ર B. સામાનિક
C. પ્રતીન્દ્ર D. અહમિન્દ્ર

**૧૫. નીચે પૈકી કઈ બાબત દેવગતિના દેવોના દુઃખને દર્શાવે છે ?** ૧૫☐
A. ઉપપાદ શૈયામાં થતો ઉપપાદ જન્મ
B. પ્રિય અપ્સરાનો વિયોગ
C. મંદારમાળા મુરઝાઈ જવી
D. વિષય–કષાયની પ્રવૃત્તિ

**૧૬. દેવગતિના દેવોના દુઃખનું મૂળ કારણ શું છે ?** ૧૬. ☐
A. વિષયોની આસક્તિ B. પુણ્યનો ઉદય
C. પોતાથી ઊંચા પ્રકારના દેવોના વૈભવની ઈર્ષ્યા
D. મિથ્યાત્વ

**૧૭. મનુષ્ય કોને કહે છે ?** ૧૭. ☐
A. માન અને મૈથુનમાં જે મુખ્ય હોય તેને
B. સેવાભાવી અને સદાચારી હોય તેને
C. પોતાના કાર્યમાં પ્રમાણિક અને નિષ્ઠાવાન હોય તેને
D. મનની બાબતમાં ઉત્કૃષ્ટ અને વિવેકી હોય તેને

**૧૮. મનુષ્ય લોક કોને કહે છે ?** ૧૮. ☐
A. જંબુદ્વીપના ભરતક્ષેત્રના વિસ્તારને
B. સંપૂર્ણ મધ્યલોકને
C. મધ્યલોકના વચ્ચેના અઢીદ્વીપ સુધીના વિસ્તારને
D. સમગ્ર ત્રસનાલીને

**૧૯. આત્મહિત માટે મનુષ્ય જીવનની કઈ અવસ્થા સૌથી વધુ ઉપયુક્ત છે. ?** ૧૯. ☐
A. બાલ્યાવસ્થા
B. યુવાવસ્થા
C. વૃદ્ધાવસ્થા
D. આઠ વર્ષ ઉપરની કોઈપણ અવસ્થા

**૨૦. સંસારની ચારેય ગતિમાં મનુષ્ય ગતિને શ્રેષ્ઠ કહે છે. કેમ કે —** ૨૦. ☐
A. તેમાં સંસારના અભાવના ઉપાય છે
B. તે સઘળા પ્રકારના સુખથી સંપન્ન છે
C. તેમાં મનના વિષયની ઉત્કૃષ્ટતા છે
D. તેમાં સંયમનું સાધન થઈ શકે છે

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. સંસારી જીવની ગતિ કોને કહે છે ?
૨. ગતિનામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત થતા સંસારી જીવના દેહને કયાં ચાર પ્રકારમાં વહેંચી શકાય છે ?
૩. સંસારની ચારેય ગતિ શેનું સ્થાન છે ?
૪. સંસારની ચારગતિથી વિલક્ષણ એવી પાંચમી ગતિ કોને કહે છે ? તે શેનું સ્થાન છે ?
૫. સંસારની ચાર ગતિના નામ આપો.
૬. તિર્યંચ એટલે શું ?
૭. તિર્યંચગતિ કોને કહે છે ?
૮. તિર્યંચ ગતિમાં કોનો સમાવેશ થાય છે ?
૯. તિર્યંચગતિના જીવો લોકના કયા ભાગમાં હોય છે?
૧૦. તિર્યક્લોક કોને કહે છે ?
૧૧. તિર્યક્લોકમાં કર્મભૂમિ અને ભોગભૂમિની વ્યવસ્થા કયા પ્રકારે છે ?
૧૨. ભોગભૂમિમાં ઉત્પન્ન થતા તિર્યંચો કેવા હોય છે ?
૧૩. ભોગભૂમિમાં કેવા જીવો ઉત્પન્ન થતા નથી ?
૧૪. જળચર તિર્યંચો ક્યાં હોય છે ?
૧૫. સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્પન્ન થતા મહામત્સયો કેટલા લાંબા હોય છે ?
૧૬. નરક ગતિના જીવો કોને કહે છે ?
૧૭. સાત નરકના નામ આપો ?
૧૮. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં નરકાદિ ગતિના દુઃખોથી મુક્ત થવા માટે શું કરવું જોઈએ ?
૧૯. દેવગતિના જીવો કેવા હોય છે ?
૨૦. દેવગતિ કોને કહે છે ?
૨૧. દેવગતિમાં ઉત્પન્ન થયેલ કોઈપણ જીવ સૌપ્રથમ ક્યું કાર્ય કરે છે?
૨૨. ચાર પ્રકારના દેવોના નામ આપો.
૨૩. કલ્પોપન્ન દેવ કોને કહે છે ?
૨૪. કલ્પોન્ન દેવના દશ પ્રકારના નામ આપો.
૨૫. કેવા સંસારી પ્રાણીને મનુષ્ય કહે છે ?
૨૬. દશ પ્રકારના કલ્પવૃક્ષોના નામ આપો.

### નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. સમુદ્રના દૃષ્ટાંતના આધારે સંસારનું સ્વરૂપ સમજાવો.
૨. મોક્ષમાં જીવના ભ્રમણનો અભાવ છે. તો પછી તેને ગતિ કઈ રીતે કહેવાય ?
૩. કયા પ્રકારના સંસારી જીવોને તિર્યંચગતિના જીવો કહે છે ?
૪. તિર્યંચ ગતિના દુઃખોનું સામાન્ય વર્ણન કરો.
૫. સ્થળચર તિર્યંચના દુઃખો સમજાવો.
૬. જળચર તિર્યંચના દુઃખો સમજાવો.
૭. નભચર તિર્યંચના દુઃખો સમજાવો.
૮. આહારમાં ઈંડુ તેની આત્મોન્નતિમાં મીંડુ – એ બાબત સમજાવો.
૯. નરકગતિ એટલે શું ? તે સમજાવો.
૧૦. નરકગતિમાં ઉપજવાના કારણો સમજાવો.
૧૧. નરક ભૂમિનું વર્ણન કરો.
૧૨. નરકગતિના ક્ષેત્રજન્ય દુઃખનું વર્ણન કરો.
૧૩. નરકગતિનાં શારીરિક દુઃખનું વર્ણન કરો.
૧૪. નરકગતિનાં માનસિક દુઃખનું વર્ણન કરો.
૧૫. નરકગતિમાં થતું અસુરકુમાર દેવકૃત દુઃખનું વર્ણન કરો.
૧૬. નરકગતિની સાબિતી આપો.
૧૭. દેવોની દિવ્યતા દર્શાવો.
૧૮. દેવોના જન્મનું વર્ણન કરો.
૧૯. દેવગતિના દુઃખોનું વર્ણન કરો.
૨૦. શા માટે મનુષ્યગતિ આત્મહિત સાધવાનું શ્રેષ્ઠ સ્થાન છે ?
૨૧. મનુષ્યલોકનું વર્ણન કરો.
૨૨. જંબુદ્વીપનું વર્ણન કરો.
૨૩. મનુષ્યગતિના દુઃખોનું વર્ણન કરો.

## વિદ્યાર્થીઓની જુથ પ્રવૃત્તિ

૧. આ પ્રકરણના પદ્યોનું સમૂહગાન કરો.
૨. ચાર ગતિના દુઃખોનો સંવાદ ભજવો.